
વા.લ. રૂ. ૧૦૦/–
વા. સ. રૂ. ૧૦૦/–

# સત્યાન્વેષણ

SATYASHODHAK SABHA, SURAT

૧૫ ઓગષ્ટ, ૨૦૨૨ Vol. 16 No. 8

## આપણા નવા વરાયેલા પ્રમુખ સુર્યકાન્ત શાહ



નેટ પર તમને ચોક્કસ વાંચવા મળશે :
**www.satyashodhaksabha.com પર જાઓ.**

# ઝંઝાવાતી સેનાની કમળાશંકર પંડયા

**–ડંકેશ ઓઝા**

આજે દેશની દુર્દશા જોઇને નવી પેઢીને આઝાદી માટે લડનારા અને સમાજમાં નવી ચીલો પાડનારાનો અંદાજ આવવો મુશ્કેલ છે. એકલા ગાંધીને કારણે આઝાદી નથી આવી એવું કહેવું ઘણાને ગમે છે. પણ ગાંધીએ જ આફ્રીકાથી પાછા ફરીને ભારતભરમાં ઘૂમીફરીવળીને આઝાદી માટેનો માહોલ ઊભો કર્યો જેમાં આઝાદીની લડત શકય બની એ વીશે કોઈ પ્રતીવાદ થઈ શકે એમ નથી.

એવા જ એક કમળાશંકર પંડયાનો જન્મ રાજપીપળા ખાતે ૨૦-૧૦-૧૯૦૪ના રોજ થયેલો. બ્રાહ્મણ શબ્દની આગળ 'ગરીબ' એવું વીશેષણ જે એક કાળે કાયમી બની ગયેલું. તે ઘણાને આજે અયોગ્ય લાગે છે. પરંતુ કમળાશંકર જન્મ્યા ત્યારે એમના કુટુંબમાં ચાર ભાઈબહેનો તથા માતુશ્રી તથા વીધવા ફોઈ તથા દાદા-દાદી, પીતા લલુભાઈનો માસીક પગાર પંદર. કમળાશંકરે લખ્યું છે કે 'તદ્દન નીર્ધન અવસ્થા અમારા કુટુંબની કહેવાય. જો કે બ્રાહ્મણ લોકો ગાલ પર તમાચો મારી, દેવું કરી, વટવ્યવહાર કરતા.'

તા. ૩-૫-૧૯૩૦ ના દીવસે કરાડી ખાતે કમળાશંકર નવસારી નજીકની છાવણીમાં ગાંધીને મળવા દોડી ગયા. સ્વયંસેવક અંદર જવા દેતો ન હતો. એટલે કમળાશંકરે પોતાની ઓળખ ગુજરાત વીદ્યાપીઠના સ્નાતકની આપી એટલે તરત અંદર જવાની રજા મળી ગઈ. અડધો કલાકની ચર્ચાને અંતે ગાંધીને વીનંતી કરી કે મારા મોટાભાઈ જો અનુકુળ થાય તો લડતમાં જોડાવા માટેનો છેલ્લો અંતરાય દુર થાય. ગાંધીએ પત્ર લખી આપ્યો.

ભાઈ ઓચ્છવલાલ,

ભાઈ કમળાશંકરની તીવ્ર ઈચ્છા લડતમાં જોડાવાની છે. તમે પુર્વે તો આવા ક્રમમાં તમારા ભાઈને પ્રેર્યા છે, હાલ પણ એમ કરો તો સારુ. આ લડતમાં તો પ્રત્યેક કુટુંબે ભાગ લેવો ઘટે છે.

તા. ૩-૫-૩૦ મોહનદાસના વંદેમાતરમ્

એ સમય એવો હતો કે રાજાએ શહેરમાં પાણીના નળ નંખાવ્યા. ગામના પુરુષોએ વીરોધ કર્યો કે સ્ત્રીઓનું સ્વાસ્થ્ય બગડી જશે. વળી કહેતા કે, નળના પાણી કરતાં કુવાનું પાણી જ આરોગ્યની દ્રષ્ટીએ ઉત્તમ. કુટુંબ થોડું આગળ પડતું. પીતા કંઈક અંશે સુધારાતરફી ખરા એટલે કમળાશંકરના માતુશ્રીના માથેથી પાણીના બેડાં ઊતરી ગયા. આ સમયે કમળાશંકરની ઉંમર પાંચ વર્ષની. વહુ માંડી પડે એટલે ચાકરી માટે પીયર મોકલી દેવાતી. ગૃહલક્ષ્મી અને ગંગાસ્વરુપ એવા નામો રુપાળાં પણ વ્યવહારમાં ડગલે ને પગલે અપમાન અને તીરસ્કાર.

એમની બહેન નર્મદાના પતી ૧૯૨૦ માં અવસાન પામ્યા ત્યારે ઘરમાં રોવા-કુટવાનું એટલું ચાલ્યું કે તેમની બાની છાતી કુટવાથી ફાટી ગઈ અને તેમાંથી લોહી નીકળે જતું હતું. કમળાશંકર લખે છે, 'મારી વ્હાલી બહેનનું કદરુપુ મોં તથા દયામણો ચહેરો મારાથી સહન ન થયો.

# સત્યાન્વેષણ

**મુખ્ય સંપાદક**

**સુર્યકાન્ત શાહ**

**બી. એ. પરીખ** | **સંપાદક મંડળ** | **મનસુખ નારીયા**

**૧૫ ઓગષ્ટ, ૨૦૨૨** | **સળંગ અંક : ૩૬૯** | **Vol. 16 No. 8**

**('સત્યાન્વેષણ' ઉંઝા જોડણીમાં તૈયાર થાય છે, સીવાય કે લેખકની તે માટે અનીચ્છા હોય.)**


## આપણા નવા વરાયેલા પ્રમુખ સુર્યકાન્ત શાહ

**–સુનીલ શાહ**

રેશનાલીઝમ વીશ્વને સમજવા - પામવાની અને માનવ જીવનને સ્પર્શતા પ્રશ્નો, સમસ્યાઓ મુળથી ઉકેલવા માટેની સટીક જીવન પદ્ધતી છે. રેશનાલીઝમનો પ્રચાર પ્રસાર કરવા માટે કેટલીક સંસ્થાઓ કાર્ય કરી રહી છે. તેમાં સુરતની સત્યશોધક સભા ગુજરાતની એકમાત્ર રજીસ્ટર્ડ સંસ્થા છે, જે છેલ્લા ૪૦ ઉપરાંત વર્ષોથી કાર્યરત છે.

સંસ્થાના પ્રથમ પ્રમુખ ગોરધનદાસ ચોખાવાળાથી શરૂ કરીને વીતેલા વર્ષો દરમીયાન ઘણી બધી વ્યકતીઓએ પ્રમુખપદ શોભાવ્યું. તે દરમીયાન વહેમ, અંધશ્રદ્ધા, અવૈજ્ઞાનીકતા સામે લોકજાગૃતિના અનેક કાર્યક્રમો શીબીરો, પર્દાફાશ વગેરે સતત થતા આવ્યા છે.

સંસ્થાની વર્ષ ૨૦૨૨-૨૩ની નવી કારોબારીમાં સંસ્થાના ઉપપ્રમુખ તરીકે કાર્યરત એવા પ્રા. સુર્યકાન્તભાઈ શાહની પ્રમુખ તરીકે વરણી થઈ તે બદલ તેમને અભીનંદન અને સ્નેહકામનાઓ પાઠવીએ છીએ. ૧૯૭૯થી કાર્યરત સત્યશોધક સભા સાથે સુર્યકાન્તભાઈ ખાસ્સા મોડા જોડાયા, પણ જોડાયા પછી સતત સક્રીય રહીને રેશનાલીઝમની પ્રચાર ઝુંબેશમાં સહભાગી થયા. રમણભ્રમણ સુણર્વચંદ્રકથી આભુષીત સુર્યકાન્તભાઈ છેલ્લા બે દાયકા દરમીયાન કારોબારીમાં કોષાધ્યક્ષ તરીકે તથા ઉપપ્રમખ તરીકે સેવાઓ આપી ચુકયા છે. પ્રા. બાબુભાઈ દેસાઈની અચાનક વીદાય પછી તેમણે કાર્યકારી પ્રમુખ તરીકેની જવાબદારી સુપેરે નીભાવી

**ભારતીય બંધારણની ૫૧ એ (એચ) કલમ મુજબ વીજ્ઞાન અને વૈજ્ઞાનીક અભીગમનો પ્રસાર કરવા સત્યશોધક સભા 'સત્યાન્વેષણ'નું પ્રકાશન કરે છે. એમાં કોઈ પણ ધર્મ, જ્ઞાતી કે જાતીની લાગણી દુભાવવાનો ઈરાદો નથી. -સંપાદક મંડળ**

હતી. સંસ્થાના પૂર્વ ઉપપ્રમુખ માધુભાઈ કાકડીયાએ એક બાવાનો પર્દાફાશ કરેલો, અને તેની ડાયરીમાંથી કેટલીક વીગતો પ્રાપ્ત થયેલી. તેના આધારે સુર્યકાન્તભાઈએ આપણા સમાજની માનસીક માંદગીનું નીદાન કરતી પુસ્તીકા 'આપણો માંદો સમાજ' લખી. ઉપરાંત, 'જૈનોનું તર્ક શુદ્ધ અજ્ઞાન' પુસ્તીકા પણ લખી છે. પુસ્તક દ્વારા જૈન ધર્મના સાહીત્યમાં તર્કને નામે દેખાતી અતાર્કીકતાનું તેમણે સરસ રીતે નીરુપણ કર્યું. આ બન્ને પુસ્તીકા સત્યશોધક સભાએ પ્રગટ કરી છે. આ ઉપરાંત તેમણે રેશનાલીઝમને લગતાં ચાર પુસ્તકો લખ્યા છે.

છેલ્લા ૧૫ વર્ષથી તેઓ સંસ્થાના મુખપત્ર 'સત્યાન્વેષણ'ના મુખ્ય સંપાદક તરીકેની ભુમીકા નીષ્ઠા અને નીસ્બત સાથે પ્રશંસનીય રીતે નીભાવી રહ્યા છે. દર મહીનાની ૧૫ મી તારીખે અંક અચુક પ્રગટ થાય તે માટેની સતત ચીંતા કરી ગ્રાહકો સુધી નીયમીત રીતે અંક પહોંચે તેની તેઓ વ્યવસ્થા કરતા આવ્યા છે. રેશનાલીઝમનો સંદેશો પહોંચાડવા સદા તત્પર રહેતા અભ્યાસુ વ્યકતીને સંસ્થાનો સુકાન સોંપાયું છે તેનો આનંદ વ્યકત કરીએ છીએ.

---

**પુસ્તકાવલોકન**

**–સુર્યકાન્ત શાહ**

**નામ : આમુખ** **પાના : ૭૨** **કીંમત : રૂા. ૨૦**

**લેખક : હેમન્તકુમાર શાહ** **પ્રકાશ : ગુજરાત લોકસમીતી નશાબંધી કમ્પાઉન્ડ, લાલ દરવાજા, અમદાવાદ-૩૮૦૦૧.**

આપણા બંધારણના ટુંકા આમુખમાંથી પ્રા. હેમંતકુમાર શાહે માત્ર ૧૧ શબ્દો પસંદ કરીને તેની મુદ્દાસર ચર્ચા આ પુસ્તીકામાં કરી છે. આ ૧૧ શબ્દો ખુબ લાંબા એવા બંધારણમાં સમાવીષ્ટ સીદ્ધાંતોની આરસી છે. આ શબ્દો છે : (૧) સાર્વભૌમત્વ (૨) સમાજવાદ (૩) બીન-સાંપ્રદાયીકતા (૪) લોકશાહી (૫) પ્રજાસત્તાક (૬) ન્યાય (૭) સ્વતંત્રતા (૮) સમાનતા (૯) બંધુતા (૧૦) વ્યકતીનું ગૌરવ (૧૧) રાષ્ટ્રની એકતા અને અખંડતા.

આ શબ્દોની વીશદ ચર્ચામાં પ્રા. શાહે જેના પર ઘણી બધી વીડંબના ચાલે છે તે બીનસાંપ્રદાયીકતા માટે સ્પષ્ટ જણાવ્યું છે કે, 'કોઈ દેશ, ધર્મ રાજ્ય (Theoratic State) ન હોય તો તે બીનસાંપ્રદાયીક છે એમ કહેવાય. : આ બાબત જણાવીને બીનસાંપ્રદાયીકતા સાથે કેટલાક તત્ત્વો જાણી સમજીને નાસ્તીકતાને સાંકળે છે તે અંગે પ્રા. શાહે સ્પષ્ટતા કરી છે કે, '(બીનસાંપ્રદાયીકતાનો) અર્થ એ નથી કે બધા લોકો નાસ્તીક છે અથવા રાજ્ય નાસ્તીકતાને પ્રોત્સાહન આપે છે. 'બીનસાંપ્રદાયીકતા દરેકને પોતાનો ધર્મ અંગત રાહે પાળવાની છુટ આપે જ છે. તે તત્ત્વો બીનસાંપ્રદાયીકતાને નાસ્તીકતા સાથે સાંકળે છે કે જેઓ બીનસાંપ્રદાયીકતાને જે નષ્ટ કરી પોતાના ધર્મને રાજ્યનો ધર્મ બનાવવા માંગે છે. પ્રો. શાહે આ અને અન્ય શબ્દોને એટલી સારી રીતે સ્પષ્ટ કર્યા છે કે જેથી એ શબ્દોની આગળ પાછળ જે ભ્રમ પેદા કરવામાં આવે છે તે દુર થાય.

# વૈજ્ઞાનીક મીજાજની ઉણપ

**–તંત્રી લેખ**

આપણી આજુબાજુના માણસોને મળીએ છીએ તો તેમાં બે મોટા ફેરફાર દેખાય છે. આ ફેરફાર છેલ્લા પાંચ-સાત વર્ષથી દ્રષ્ટીગોચર થાય છે. (૧) જેઓ વૈજ્ઞાનીક મીજાજ ધરાવતા હતા. તેઓ જાણે આ અણમોલ ભેટનો ત્યાગ કરવા માંગે છે. (૨) જેઓ અવૈજ્ઞાનીકતામાં રાચતા હતા તેઓ પોતાની અવૈજ્ઞાનીકતાની સાથે સાથે આક્રમક બનવા લાગ્યા છે.

માણસ સામાજીક પ્રાણી છે. એનાં વીચાર, વાણી અને વર્તન પર બાહય પરીબળોની ભારે અસર વરતાય છે. બાહય પરીબળો ઘડવામાં રાજયસત્તા બહુ મોટી ભુમીકા ભજવે છે. લોકશાહી રાજયતંત્રમાં રાજયસત્તાની ભુમીકા સીમીત રહે, અને લોકોની ભુમીકા સાર્વત્રીક બને એવી અપેક્ષા હોય છે. ઘણા લોકશાહી દેશોમાં અને ભારતમાં પણ રાજયસત્તાનું બીભત્સ પ્રદર્શન, અને એ સત્તાનો આત્યંતીક ઉપયોગ થવા માંડયો છે. ભારતમાં જ રાજયસત્તા માત્ર રાજકીય વીરોધને ડા'મતી નથી, પરંતુ આગળ વધીને પરંપરાને નામે સત્તાધીશોના વીચારોથી અલગ અને વીરોધનો મત ધરાવતા હોય તો તેમને પણ ડા'મવા માંડી છે. પ્રવર્તમાન સત્તાધીશો અવૈજ્ઞાનીક મીજાજને એટલું બધું સમર્થન આપે છે કે જેથી વૈજ્ઞાનીક મીજાજ ધરાવનારા અને જાહેરમાં તે પ્રકારે વાણી-વર્તન કરનારા ડઘાઈ ગયા છે. તેઓ વૈજ્ઞાનીક મીજાજ તો આજે પણ ધરાવે છે, પરંતુ હવે તેઓ એને જાહેરમાં વ્યકત કરતા નથી. એમનો વીચાર ખુબ સાદો છે. જો વૈજ્ઞાનીક અભીગમ દર્શાવતાં વાણી-વર્તન કરવામાં આવે તો રાજયસત્તા તરફથી કોઈને કોઈ આફત આવશે. આથી દુનીયા સુધારવા જતા પોતાનાં કુટુંબ અને વ્યવસાય-ધંધો બગડવાના હોય તો મૌન જ ઉપાય દેખાય છે. એવો ભય પ્રવર્તે છે કે વૈજ્ઞાનીક દ્રષ્ટીએ જે સાચું અને ખોટું છે તે કહેવાની હીંમત હવે વૈજ્ઞાનીક મીજાજ ધરાવનારામાં રહી નથી. એમનો વીચાર ખુબ સાદો છે. દુઃખને આમંત્રણ આપવું નથી !

પાંચ-સાત વર્ષ પહેલા જેઓ અવૈજ્ઞાનીકતામાં રાચતા હતા તેઓ પોતે મનોમન સમજતા હતા કે એમની માન્યતાને હકીકતો અને તર્કનો ટેકો નથી. આમ છતાં સંસ્કારને કારણે, કે પરંપરાને કારણે તેઓ અવૈજ્ઞાનીક મીજાજ ધરાવતા હતા. તેઓ પોતાની માન્યતા જયારે પ્રગટાવતા હતા ત્યારે જાણે બચાવપક્ષની ભુમીકા ભજવતા હતા. હવે એમણે જોયું કે સત્તાધીશો જ અવૈજ્ઞાનીકતાના પુરસ્કારનારા છે. તેઓ સ્વયંભુ અવૈજ્ઞાનીકતાને આમંત્રે છે. પોષે છે. આથી પોતાની માન્યતા કેટલી ખરી કે ખોટી તેનું મુલ્યાંકન કરવાનું એમણે બાજુ પર રાખી દીધું છે. રાજયસત્તા જ જો અવૈજ્ઞાનીકતાને મહત્ત્વ આપતી હોય તો પોતાને અવૈજ્ઞાનીકતા તો ગળથુથીમાંથી જ મળી છે. એને છોડવાની કોઈ જરુર નથી. આટલેથી તેઓ હવે અટકતા નથી. વૈજ્ઞાનીક દ્રષ્ટીપ્રચુરવાળો મત હવે એમને આંખના કણાની જેમ

ખુંચવા માંડયો છે. વૈજ્ઞાનીક દ્રષ્ટીએ જો કોઈ વ્યકતી ઘટનાની મુળવણી કરે તો હવે તેઓ એના પર તુટી પડે છે. એ સમજી ગયા છે કે એમ કરવાથી જો તેઓ કાયદાનો ભંગ કરે તો પણ કંઈ થવાનું નથી. કાયદાનો અમલ કરનારું તંત્ર અને તેના વાહકો એમની સાથે જ છે ! એમના અવૈજ્ઞાનીક મીજાજ આગળ કાયદો પણ ગૌણ છે. તેઓ સમજી ગયા છે કે રાજ કાયદાનું નથી, અવૈજ્ઞાનીકતાનું છે. પોતે તો અવૈજ્ઞાનીકતા ધરાવે જ છે. એનો અર્થ સાફ છે : એમનું રાજ છે. આથી તેઓ આક્રમક બની ગયા છે. એકવાર જેઓ વૈજ્ઞાનીક દષ્ટીથી કરવામાં આવતી વાતો શાંતી અને ધ્યાનથી સાંભળતા હતા. તેઓ આજે વૈજ્ઞાનીકતાની વાતો કરનારાનાં મોંઢા જ બંધ કરી દે છે !

આ અને આવાં અન્ય કારણોને લઈને પ્રવર્તમાન સમાજમાં વૈજ્ઞાનીક મીજાજની ભારે ઊણપ વરતાય છે, અને એ ઊણપ વધતી જાય છે.

વૈજ્ઞાનીક મીજાજના અભાવમાં સમાજ પ્રગતીના પંથે ચાલતો હતો તે ખસી જવા માંડયો છે.ઉત્સવો અને તાયફાઓમાંથી 'આનંદ' માણવા માંડયો છે. જ્ઞાન-વીજ્ઞાનના માર્ગે આગળ વધી નવી નવી દીશાઓ ખોલવાનું બંધ થયું છે. જે વૈજ્ઞાનીક સંસ્થાઓ છે તેઓ મોટે ભાગે ઉછીનાં સંશોધનોથી પોતાની કામગીરી બતાવે છે. પ્રજા પોતે વૈજ્ઞાનીક અભીગમ ધરાવતી થાય તો માખણ સંતાડીને બેઠેલી છાશને વલોવતા જેમ માખણ નીકળે તે પ્રમાણે જ્ઞાન-વીજ્ઞાનનું નવનીત પ્રાપ્ત થાય પણ જો પ્રજા જ અવૈજ્ઞાનીકતા અપનાવે તો નવનીત મળવાનું ઓછું થશે, કદાચ બંધ થશે. નવાં સંશોધનો માટે વીશાળ પ્રજામાં વૈજ્ઞાનીક અભીગમ હોવાનું અનીવાર્ય છે.

---

## અપીલ

**ગુજરાતીભાષીઓ માટે રેશનાલીઝમ પર ચીંતન કરતું એક માત્ર 'સત્યાન્વેષણ' માસીક છે. માત્ર ગુજરાત-મુંબઈમાં જ નહીં, પરંતુ અન્યત્ર પણ ગુજરાતીભાષીઓ વસે છે. એ સૌને અપીલ કરવાની કે આપ સૌ 'સત્યાન્વેષણ'ના વાચક બનો. પ્રવર્તમાન વાચકોને પણ વીનંતી કે તેઓ દરેક બીજા પાંચ વાચકો બનાવી આપે. આપણું 'સત્યાન્વેષણ' દરેક મહીનાની પંદરમીએ નીયમીતપણે બહાર પડે છે. એનું વાર્ષીક લવાજમ રૂા. ૨૦૦/- અને આજીવન રૂા. ૨૦૦૦/- છે. મ. ઓ.થી કે સત્યશોધક સભાના બેન્ક ઓફ બરોડા ખાતામાં સીધા જમા કરાવી શકાય છે. સત્યશોધક સભાને આપવામાં આવતું દાન આવકવેરામાં રાહતને પાત્ર છે.**

***દરેક 'સત્યાન્વેષણ'ના પહેલા ટાઈટલ પર વાચકોને જણાવવામાં આવે છે કે 'સત્યાન્વેષણ' www.satyashodhak sabha.com પર વાંચવા મળશે. ઉપરાંત જો વાચક એનો મોબાઈલ નંબર અને ઈ-મેઈલ એડ્રેસ આપશે તો એને આ જ લવાજમ હેઠળ PDF મોકલવામાં આવશે.**

# બીનસાંપ્રદાયીક શીક્ષણ ક્ષેત્રે ગીતા–૫

**–સુર્યકાન્ત શાહ**

૧૫-૯-૧૨ થી 'સત્યાન્વેષણ'ના અંકોમાં શરુ થયેલી 'ગીતા મીમાંસા'નો આધાર લઈને અત્રે એ તપાસવામાં આવે છે કે બીનસાંપ્રદાયીક શીક્ષણ ક્ષેત્રે ગીતા કેવી રીતે ભણાવી શકાશે.

અધ્યાય-૩ના ચૌદમા શ્લોકમાં પ્રભુપાદે કરેલા અનુવાદ પ્રમાણે એક બાબત એવી જણાવવામાં આવી છે કે યજ્ઞ કરવાથી વરસાદ વરસે છે !' શું વર્ગખંડમાં શીક્ષક યજ્ઞને કારણ અને વરસાદને પરીણામ તરીકે સમજાવી શકશે ? સમુદ્રના પાણીના બાષ્પીભવનથી માંડી વરસતા વાદળની જે હકીકતો વીજ્ઞાને પુરવાર કરી છે તે પણ શીક્ષક સાથે સાથે જણાવશે ? આવું જ બીજું કાર્ય-કારણના સંબંધો વીનાનું એક નીવેદન ગીતાને નામે પ્રભુપાદ કરે છે કે 'યજ્ઞ નહીં કરનારને અછતનો ભોગ બનવું પડે છે !' શ્લોક પંદરની સમજુતીમાં પ્રભુપાદ જણાવે છે કે, 'ભગવાન તેમના નેત્રોથી ગર્ભધાન કરાવી શકે છે !' ગર્ભધાનની વાસ્તવીક પ્રક્રીયાને શીક્ષકો પુરી મર્યાદાથી આજે જણાવે છે. હવે ભગવાનનાં નેત્રો ગર્ભાધાન કરાવે છે તે પણ એમણે ભણાવવું પડશે !

શ્લોક આડત્રીસમો તો ક્રોધ કરીને ભગવાનને પ્રસન્ન કરી શકાય એવું પ્રભુપાદ જણાવે છે. શું શીક્ષકો વીદ્યાર્થીઓને ક્રોધ કાબુમાં રાખવાનું જણાવશે કે ભગવાનને પ્રસન્ન કરવા ક્રોધ કરવાનું જણાવશે ? શ્લોક એકતાળીસ હેઠળ પ્રભુપાદ વીજ્ઞાનની બીલકુલ અવાસ્તવીક વ્યાખ્યા આપે છે કે, 'વીજ્ઞાન શબ્દ આત્માની સ્વરુપાવસ્થા તથા પરમાત્મા સાથેના તેના સંબંધના વીશીષ્ટ જ્ઞાનનો નીર્દેશ કરે છે.' બીચારા શીક્ષકો ! કેવી રીતે આત્માના અસ્તીત્વને ભણાવશે ? અવાસ્તવીક એવા આત્માના પરમાત્મા સાથેના સંબંધને વીજ્ઞાન કહેનાર ગીતાના અનુવાદક પ્રભુપાદે ગીતાને જ વીજ્ઞાનનું પુસ્તક હોવાનો દાવો ચોથા અધ્યાયના પહેલા શ્લોકમાં કર્યો છે. પોતાના આ દાવાનો જાણે રદીયો આપતા હોય તેમ તેઓ તરત જ બીજા શ્લોકમાં જણાવે છે કે, 'વીજ્ઞાન પદાર્થ રુપમાં લુપ્ત થયેલું જણાય છે.' મને લાગે છે કે આ બન્ને શ્લોક સાથે ભણાવતા પહેલા શીક્ષકોએ શીર્ષાસન શીખી લેવું પડશે કે જેથી પરસ્પર તદ્‌ન વીરોધી કથનોને તેઓ યથાયોગ્ય ભણાવી શકે.

# કોઈ પરગ્રહવાસી અહીં આવતા નથી

હોકીંગ કહે છે કે પૃથ્વી બહારની દુનીયામાંથી આપણે ત્યાં કોઈ પરગ્રહવાસીઓ મુલાકાતે આવતા નથી. આવા કોઈ પરગ્રહવાસી છાનામાના આવીને છાનામાના ચાલ્યા જાય એ વાત જ હાસ્યાસ્પદ છે. એ આવે તો બધાંને ખબર પડે જ. ત્યાર પછી ચેતવણી આપતા હોકીંગે કહ્યું છે કે, 'એવી કોઈ મુલાકાત આપણે માટે ખુશી નહીં લાવશે, ચીંતા લાવશે !'

સવાલ થાય કે તેઓ શા માટે આપણી મુલાકાતે આવતા નથી ? હોકીંગ કહે છે કે કોઈ સ્થળે એવા કોઈ જીવ હોય તો આવે ને ! જેટલા સચરાચરનું આપણે અવલોકન કર્યું છે તેમાં માણસની જેમ પોતાની જમીન પર ફરતો હવાઈ જહાજ, રોકેટ અને ઉપગ્રહો ઉડાડતો જીવ દેખાયો જ નથી. માત્ર પૃથ્વી પર જ આ બધા જીવોનું ધમસાણ છે ! ત્યાં તો માત્ર જડ પદાર્થો દેખાય છે. કદાચ, કેટલીક અનુકુળ જગ્યાએ જીવ હોય તો એનો વીકાસ એકકોશી જીવથી આગળ વધ્યો નથી, કારણ કે એ જીવોને બુદ્ધી નામની શકતી મળી નથી. જો હયાત હોય તો પણ નૈસર્ગીક એવું પ્રજનન તેઓ કરતા રહેતા હશે, હોકીંગ આગળ વધીને જણાવે છે કે ખાસ ધ્યાનમાં રાખવું કે ડાર્વીનનો ઉત્ક્રાંતીનો ક્રમ એ કંઈ સીધી રેખાનો નથી. એ વાંકોચૂંકો અને યદેચ્છ (Random) છે. આવી વાંકીચુંકી ગતી કરતા કરતા જીવોને વધતી ઓછી બુદ્ધી આકસ્મીક રીતે મળી છે. સચરાચરમાં અન્યત્ર આવા બુદ્ધી પેદા થવાના સંજોગો પેદા થયાનું અત્યાર સુધી દેખાયું નથી.

## :: સત્યશોધક સભાને દાન ::

**૧. જ્યોતિન્દ્ર દવે ગાર્ડન વોકર્સ-સીનીયર સીટીઝન કલબ, અડાજણ હ. એડવોકેટ બાબુભાઈ સુરતી તરફથી સત્યશોધક સભાને રૂા. ૫૦૧/- નું દાન મળ્યું છે જેનો સાભાર સ્વીકાર કરવામાં આવે છે.**

**૨. શ્રી ભરતભાઈ આર. પંડયા, સુરત તરફથી સત્યશોધક સભાને રૂા. ૩૦૦/- નું દાન મળ્યું છે. જેનો સાભાર સ્વીકાર કરવામાં આવે છે.**

**૧-૮-૨૨** **સુર્યકાન્ત શાહ**

# વૈજ્ઞાનીક અભીગમ

**–અશ્વીન ન. કારીઆ**

(અશ્વીનભાઈએ લખેલ 'વૈજ્ઞાનીક અભીગમ' પુસ્તીકામાં સામાન્ય જનને વૈજ્ઞાનીક અભીગમ સંકલ્પના સમજવામાં ખુબ મદદગાર બને એમ છે. એ વાંચીને રેશનાલીસ્ટો પણ વૈજ્ઞાનીક અભીગમની પોતાની સંકલ્પના વધારે સ્પષ્ટ કરી શકે એમ છે. બનાસકાંઠા જીલ્લા અંધશ્રદ્ધા નીર્મુનલ સમીતીએ એનું (મો.-૯૪૨૬૬ ૬૩૮૨૧-રુ. ૮૦) પ્રકાશન કર્યું છે.)

## કેટલાંક અવતરણો

### ૪. રેશનલ અભીગમ

રેશનલ અભીગમ ધરાવતી વ્યકતી તર્કમાં શ્રદ્ધા ધરાવે છે. તે માને છે કે જગતના પ્રશ્નો તર્ક અથવા વીવેકબુદ્ધીથી ઉકેલી શકાય છે. સ્થાપીત માન્યતાઓને તોડવા તે વીવેકબુદ્ધીનું ઓજાર વાપરે છે. રેશનાલીસ્ટ કાર્ય કારણના સંબંધ જ શોધે. બાઈબલનું પ્રથમ પ્રકરણ વાંચ્યા પછી રેશનલ અભીગમ ધરાવતી વ્યકતી તરત જ પ્રશ્ન પુછશે 'ઈશ્વરે પ્રકાશ પહેલા સર્જયો હોય અને સુર્ય-ચંદ્ર પછી સર્જયા હોય, તો સુર્ય-ચંદ્ર વીનાનો પ્રકાશ કયાંથી આવ્યો ?' રેશનાલીસ્ટ સાબીતી માંગે છે. રેશનલ અભીગમ ધરાવતી વ્યકતી માને છે કે સત્ય પ્રમાણીત થઈ શકે. આ પ્રમાણ પણ પ્રત્યક્ષ કે પરોક્ષ પ્રમાણ હોય છે. શબ્દ પ્રમાણ નહીં. રેશનાલીઝમ જડતાવાદી વલણનો વીરોધ કરે છે. ઉદાહરણ તરીકે પેલી જાહેરાત જ લો. 'દાઝવા'ની સમજ સમય સાથે બદલાતા, અભીપ્રાય પણ બદલાયો. આનું નામ રેશનાલીઝમ. ધાર્મીક ગ્રંથોમાં સત્ય જાહેર કરાયેલાં તથ્યોને કોઈપણ ચકાસણી વગર સ્વીકારવાનો ઈનકાર કરે છે. રેશનાલીઝમ એ પરત્વે શંકાની સોય તાણે છે. રેશનાલીઝમ એમ માને છે કે સંસારમાં એવા ઘણા બધાં વીષયો છે કે જેમાં આપણું જ્ઞાન મર્યાદીત છે. ઘણી બાબતોનું રહસ્ય હજુ ઉકેલી શકાતું નથી. વૈજ્ઞાનીક અભીગમથી ભવીષ્યમાં આવાં રહસ્યો ઉકેલી શકાશે કારણ કે રેશનલ અભીગમ અને વૈજ્ઞાનીક અભીગમ જ્ઞાનની પ્રગતીમાં માને છે. હાલ સત્ય તરીકે પુરવાર થયેલા કાયદાઓ, ખ્યાલ કે વીચારો વીશે શંકા ઉઠાવી શકાય છે, અને નવા અનુભવના આધારે તેમાં ફેરફાર થઈ શકે છે.

દરેક બનાવ પાછળ કોઈ ને કોઈ કારણો હોય છે જ. સહાયક કારણો ગમે તે અને ગમે તેટલા હોય, પરંતુ તેનું કોઈ મુળભુત (fundamental) કે અંતર્ગત (internal) કારણ અલગ હોય જ. પાણીને ગરમ કરવાથી વરાળ થાય અને ઠંડુ કરીએ તો બરફ બને. ગરમી અને ઠંડી બાહ્ય અને સહાયક કારણ છે, પરંતુ આ ફેરફારનું મુળભુત કારણ પાણીમાં જ

રહેલું છે. તે જ રીતે, માનવ મરણશીલ છે. અને તેથી કોઈ બાહ્ય કે સહાયક કારણ (માંદગી, અકસ્માત) બનવાથી તે મૃત્યુ પામે છે. કાચમાં જ ભાંગી જવાનો ગુણ રહેલો છે તેથી સખત વસ્તુ સાથે કાચ અથડાતાં તરત જ તે ભાંગી જાય છે.

આમ દરેક બનાવ બનવા માટે બાહ્ય કે સહાયક કારણો ઉપરાંત તે બનાવની અંદર જ તેનું મુળભુત કારણ રહેલું હોય છે. જયારે આપણે બનાવોનાં કારણોનું મુલ્યાંકન કરીએ છીએ, ત્યારે મુળભુત કારણને જો ધ્યાનમાં લઈએ નહીં તો બનાવને યોગ્ય કે પુર્ણ રીતે આપણે સમજી શકીશું નહીં. આપણે જયારે બ્રહ્માંડના ઉદ્‌ભવની વાત કરતા હોઈએ ત્યારે આપણે એ સમજવું જોઈએ કે તેનું કારણ બ્રહ્માંડમાં જ રહેલું છે. આ બ્રહ્માંડ પોતાના નીયમો અને કાનુનથી શાસીત છે. તે સ્વયં પ્રગટ થયેલ છે. કોઈ બાહ્ય કારણથી બ્રહ્માંડનું શાસન થઈ રહ્યું નથી. બ્રહ્માંડની પોતાની વ્યવસ્થા જ સંવાદી છે. આપણે જાણીએ છીએ કે બ્રહ્માંડ કરોડો વર્ષોથી અમલમાં છે. કદાચ આપણે તેની ઉત્પત્તીનું ચોકકસ કારણ દર્શાવી ન શકીએ તો તેનાથી શરમ અનુભવવાની જરુર નથી. બ્રહ્માંડની ઉત્પત્તી લાખો વર્ષો પછી માનવ અસ્તીત્વમાં આવ્યો. માનવને એનું ગૌરવ હોવું જોઈએ કે જ્ઞાનની બાબતમાં પોતે ઘણી ઉંચાઈ પ્રાપ્ત કરેલ છે.

કદાચ કોઈને એમ કહેવાનું મન થશે કે રેશનાલીઝમ માત્ર વૈચારીક શાખા છે. તેનું કોઈ વ્યવહારીક મુલ્ય નથી. રેશનાલીઝમ વીશે આ એક ભ્રમ છે કારણ કે વ્યકતીગત, સામાજીક કે વૈશ્વીક પ્રશ્નોનો ઉકેલ રેશનલ અભીગમથી પ્રાપ્ત કરાયેલ જ્ઞાનની મદદથી લાવી શકાય છે. જ્ઞાનની તૃષા અને ચકાસણી રેશનલ અભીગમના પાયારુપ સીદ્ધાંતો છે. તેની મદદથી માનવ સંસ્કૃતીનો ઘણો વીકાસ થયો છે, અને માનવનું મન અને તેની આસપાસનું વાતાવરણ સમજવામાં પણ ઘણી પ્રગતી થઈ શકી છે. આમ રેશનલ અભીગમના કારણે માનવનાં સામાજીક, બૌદ્ધીક અને નૈતીક જીવનનો વીકાસ થયો છે, પરંતુ કમનસીબે રેશનાલીઝમની સામાજીક વાતાવરણ પર ધારી અસર થઈ નથી કારણ કે આજે પણ સમાજમાં ઘણાં લોકો અંધશ્રદ્ધા, ચમત્કારો અને મુળભુત શ્રદ્ધાવાદી સંપ્રદાયોમાં માને છે, અને પરીણામે આવા લોકો શોષણ, અસમાનતા અને પછાતતાનો ભોગ બને છે, અને તેનાથી સમાજને એકંદરે નુકસાન થાય છે. રેશનાલીઝમ આવા સામાજીક દુષણોની નાબુદી માટે હંમેશાં પ્રયત્ન કરે છે. રેશનાલીઝમ માને છે કે માણસ પોતે જ પોતાના ભાગ્યનો ઘડવૈયો છે. માણસનું નસીબ કોઈ દેવે અગાઉથી નકકી કરેલું હોતું નથી.

# ભ્રષ્ટાચારનું કારણ

–એન. વી. ચાવડા

મો. : ૬૩૫૯૭ ૪૬૧૦૨

આપણા ધર્મ અને અધ્યાત્મમાં જેટલાં દંભ, છેતરપીંડી અને લુચ્ચાઇ પ્રવર્તે છે. એટલાં તો ગુંડા-મવાલીઓના ક્ષેત્રમાં પણ નહીં પ્રવર્તતા હોય. એમાં યે જ્યારે એક જુઠ્ઠો બીજા જુઠ્ઠા પર પર જુઠનો આક્ષેપ કરે છે ત્યારે ત્યાં નીર્લજ્જતા અને નાલાયકીની પરાકાષ્ઠા સર્જાય છે, અથવા તો ત્યારે એક કાચના ઘરમાં રહેનારો બીજાના કાચના ઘર ઉપર પત્થર મારતો હોય એવું લાગે છે. ધર્મના નશા દ્વારા પોતાની કલાનું પ્રદર્શન કરનાર કલાકાર કરતાં શરાબનો નશો કરનાર કલાકાર હજાર દરજ્જે સારો કહેવાય. જે ધર્મ, પંથ કે સંપ્રદાયના પાયામાં ઈશ્વર છે તે ધર્મ, પંથ કે સંપ્રદાય કદીયે સમાજમાંથી ભ્રષ્ટાચારનો નાશ અને માણસાઈનો  વીકાસ નહીં કરી શકે. જેનું હાથવગુ ઉદાહરણ આજનો આપણો સમાજ છે.

જગતનો સર્જક અને સંચાલક ઈશ્વર છે, અને એની ઈચ્છા વિના એક પાંદડું પણ હાલી શકતું નથી એવું માનનારા લોકો પોતાના કોઈ પણ કૃત્યને તે ઈશ્વરકૃત જ માનશે. તેથી જ જાહેરમાં મહાન વાતોનો ઢોંગ કરનારા લોકો ખાનગીમાં અધમતા અને ભ્રષ્ટાચાર આસાનીથી આચરી શકતા હોય છે કારણ કે પોતાની મરજીમાં તે ઈશ્વરની મરજી જુએ છે. તેથી જ ઈશ્વરની કથાઓ, ધર્મસ્થાનો, પુજા-અર્ચનાઓ વગેરે જેમ જેમ વધતાં જાય છે તેમ તેમ ભ્રષ્ટાચાર વધતો જાય છે અને માણસાઈ ખતમ થતી જાય છે.

---



**આવતો અંક...**

## ‘રમણ પાઠક વીશેષાંક’

આપણા રમણ પાઠકનું આ જન્મશતાબ્દી વર્ષ છે. નખશીખ રેશનલ રમણભાઈને કેન્દ્રમાં રાખીને રસ ધરાવતા રમણભાઈને વાંચનારા મીત્રો, સંબંધીઓને આ અંકમાં એમના લેખ દ્વારા ફાળો આપવાની વીનંતી કરવામાં આવે છે. તમારો લેખ મોકલવાના સરનામા આ અંકમાં અન્યત્ર પ્રસીદ્ધ થયા જ છે. તા. ૧-૯-૨૨ સુધીમાં અત્રે તમારો લેખ, કાવ્ય કે અન્ય કોઈપણ સાહીત્યીક સ્વરુપ મળે એવી અપેક્ષા...

# ઉપનીષદોનું ચિંતન

**–પ્રવીણ ગઢવી**

ભારત 'વીશ્વગુરુ' છે, કેમ કે ભારત પાસે અધ્યાત્મ જ્ઞાન છે, તત્વ ચિંતન છે. ભલે વીજ્ઞાનમાં પાછળ હોય, પરંતુ આત્મા-પરમાત્માના સંબંધ વીષે, સ્વરુપ વીષે, બ્રહ્માંડની અને જીવન ઉત્પતી વીષે ટેલીસ્કોપ, માઈક્રોસ્કોપ કે પ્રયોગશાળામાં કોઈપણ પ્રયોગો કર્યા સીવાય ઋષીઓએ આંતર ચેતનાથી બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. બ્રહ્માસ્ત્ર (અણુબોંબ), સાપેક્ષતાનો સીદ્ધાંત, પુષ્પક વીમાન, વીદ્યુત વીમાન, અવકાશમાં ગુરુત્વાકર્ષણનો અભાવ વગેરેની શોધો માટે મીથ્યા ગૌરવ લેવાય છે.

વેદોમાં બહુધા ઈન્દ્ર, અગ્ની, સોમ, આદી દેવોની સ્તુતીઓ છે, પરંતુ પુરુષ, નાસદીય, હીરણ્યગર્ભ, અસ્ય, વામીય વગેરે સુકતોમાં વીશ્વની, જીવનની ઉત્પત્તી વીષે ચીંતન છે. વેદો યજ્ઞમાર્ગી છે. સમય જતાં પુલસ્ત્ય ઋષિ જેવા જુદું વીચારતા થયા, અને યજ્ઞના કર્મકાંડ તેમને નીરર્થક લાગ્યા. યવ, ઘૃત, પશુ બલીદાનના યજ્ઞો કરતાં જ્ઞાન યજ્ઞ ઉમદા છે. મહાન છે. એવા વીચારોનો વ્યાપ વધવા લાગ્યો. જે યજ્ઞમાર્ગી હતા, તેઓ આર્યો રહ્યા અને જે આર્યો-પુલસ્ત્યના વંશજો જ્ઞાનમાર્ગી થયા તે રાક્ષસો કહેવાયા.

'યજ્ઞ રૂપી નૌકાથી વૈતરણી પાર ન થઈ શકે.' એવું માનતા ઋષીઓ યજ્ઞનાં કર્મ કાંડ-મંત્રોચ્ચાર-પશુબલીદાન આદી છોડીને અરણ્ય નીવાસ કરવા ચાલ્યા ગયા, અને દુન્યવી બાબતો છોડી વીશ્વની, જીવની ઉત્પત્તી, જીવ-શીવના સંબંધો ઈત્યાદી વીષે ચીંતન કરવા લાગ્યા, એમાંથી ઉપનીષદોનું અવતરણ થયું. મુખ્ય પાંચ ઉપનીષદો માટે તેવું નથી. બૃહદારણ્યક યાજ્ઞવલ્કયના નામ બોલે છે.

આપણા દેશમાં તો ઉપનીષદો લગભગ ભુલાઈ ગયાં હતાં.તેમને પુનર્જીવીત કરવાનું કામ મોગલ શાહજાદા દારા સીકોહે કર્યું. ઉપનીષદનું ચીંતન એ કુરાનની નજીક જણાયું હતું. તેથી તેનો ફારસી અનુવાદ કરાવ્યો. ત્યાર પછી અંગ્રેજી-જર્મન અનુવાદો થયા. તે શો પન હોવર, ઈમર્સન, થોરો વગેરે પાશ્ચાત્ય ચીંતકોને ખુબ ગમ્યા. ખુદ ગીતા પણ એડવીન આર્નોલ્ડના અંગ્રેજી અનુવાદ પછીથી લોકપ્રીય થઈ. વીવેકાનંદનો પણ ઉપનીષદોને પુનઃ લોકપ્રીય કરવામાં મોટો ફાળો છે.

ઉપનીષદોમાં આત્મા એ જ બ્રહ્મ એવું ચીંતન કરવામાં આવ્યું છે. શરીરથી ચેતના-આત્મા અલગ છે. આત્માનો નાશ થતો નથી, તે પુનઃ અવતાર ધારણ કરે છે. નૈનં છીદંતી....નહન્યતે-છેદાતો નથી. હણાતો નથી, વગેરે.

આત્માની ચાર અવસ્થા છે. જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તી અને તુરીય. આત્માને પાંચ કોશ છે. અન્ન, મન, પ્રાણ, વીજ્ઞાન અને આનંદ. બ્રહ્મનાં બે સ્વરૂપ છે. સગુણ અને નીર્ગુણ. નજરે દેખાતું વીશ્વ માયા છે. 'બ્રહ્મ સત્ય, જગત મીથ્યા...' એ શાંકરસુત્ર સુખ્યાત છે. તત્ સત્ બ્રહ્મ-તેજ સત્ય, કર્મનાં બંધન, કર્મનાં ફળ, સત્કર્મીને સ્વર્ગ, દુષ્કર્મીને નરક, તપસ્વીઓને બ્રહ્મલોક મોક્ષ. કર્મીઓએ પુનઃ પુનઃ અવતાર લેવો પડે છે. તપસ્વી મોક્ષ અવસ્થા પામે છે. જન્મ-મરણના ચક્રથી મુકત થઈ જાય છે. પરમાત્માની ઈચ્છાને કારણે વીશ્વ ઉત્પન્ન થયું. આદી બધાં ચીંતન ઉપનીષદોમાં જોવા મળે છે.

ઉપનીષદોમાં કવચીત્ રેશનલ-તાર્કીક વીચારો પણ જોવા મળે છે, જેમ કે મુંડકમાં કહેવાયું છે કે અંધની પાછળ અંધ હોય તેવી આ અધ્યાત્મ જ્ઞાનની શોધ છે. તૈતરીય પ્રમાણે અન્નથી મનુષ્ય પેદા થયો, અસતમાંથી (પદાર્થમાંથી) સત્ (આત્મા-ચૈતન્ય) પ્રગટ થયું. તો બૃહદારણ્યક પ્રમાણે જળમાં મીઠાની જેમ આત્મા મૃત્યુ પછી રહેતો નથી. વળી એકવાર પેદા થયેલો બીજી વાર પેદા થતો નથી. વટ વૃક્ષમાંના બીજમાં આખો વટ સમાયેલો છે. પાણીના અણુઅણુમાં મીઠું વ્યાપ્ત હોય છે. બ્રહ્મરંદ્ર જેવા કોઈ એક ઠેકાણે નહિ પરંતુ પ્રત્યેક કોષમાં છે. એ આજનું વૈજ્ઞાનીક સત્ય છે. અન્ન બ્રહ્મ છે. જલમાં મીઠું ઓગળી જાય તેમ આત્મા પંચતત્વમાં ઓગળી જાય છે. 'સત્યનું મુખ હીરણ્ય પાત્રથી ઢંકાયેલું છે. હે પુષાદેવ, મારા જેવા સત્યધર્મી માટે તે આવરણ ઉઘાડ.' તેમાં એક વૈજ્ઞાનીકની ઈચ્છા પ્રગટતી જાણે કે જોવા મળે છે.

તત્વમાંથી આકાશ, આકાશમાંથી વાયુ, વાયુથી અગ્ની, અગ્નીથી જલ, જલથી પૃથ્વી, પૃથ્વીથી વનસ્પતી, વનસ્પતીમાંથી અન્ન, અન્નમાંથી વીર્ય અને વીયથી જીવ, ઉત્પન્ન થાય છે.' તે મંત્રમાં પણ વૈજ્ઞાનીકતાના અંશ જોવા મળે છે.

યાજ્ઞવલ્કય ઋષી બૃહદારણ્યકમાં કહે છે કે 'જો વૃક્ષનું સંપુર્ણ ઉચ્છેદન કરવામાં આવે તો ફરી પાંગરી શકતું નથી, તેમ મૃત્યુ પછી જીવન હોતું નથી.' આ રેશનલ ચીંતન છે.

'પ્રાણી વૃક્ષ પર્ણ જેવા છે. ખરી ગયેલાં પર્ણ વૃક્ષને ફરી ચોટતા નથી. એમ એકવાર પેદા થયેલો ફરી પેદા થતો નથી.' માં પુનર્જન્મની ધારણાનો ઈન્કાર જોવા મળે છે. આ વાત

પછીથી બુદ્ધે પણ કહી છે. તો છાંદોગ્યમાં કહેવાયું છે કે, 'દધી મંથનથી જેમ નવનીત (માખણ) બને છે તેમ અન્નમાંથી મન (ચેતના) બને છે.' અર્થાત્ નીરીશ્વરવાદી દર્શન મુજબ પદાર્થમાંથી ચેતના પ્રગટ થાય છે. તેનો સ્વીકાર છે.

અલબત્ત, ઉપનીષદોમાં અગમ્ય કલ્પનાઓ પણ જોવા મળે છે, જેમ કે આત્મતત્વ એક અને અચલ છે. મનથી વધારે વેગવાળું અને સ્થીર હોવા છતાં ગતીમાં રહે છે. માતરીશ્વા બધાને દોડતાને ધારણ કરે છે. આમાં કશુય સમજાતું નથી. વીવીધ ઉપનીષદોમાં બ્રહ્મની વીવીધ કલ્પનાઓ જોવા મળે છે.

પ્રથમ જે એક બ્રહ્મ હતું - અથવા આત્મા હતો - 'એણે કામના કરી કે અનેક થાઉં. પ્રજાવાન બનું. તે તપ કર્યું. અને તપ કરીને આ સર્વ સજર્યું. અને એમાં એણે પ્રવેશ કર્યો.'

તૈતરીય ૨-૬

'આરંભમાં આ સર્વ એક આત્મા હતું. અન્ય કંઈ નહોતું. એણે ઈચ્છયું કે લોકોને સર્જું. એણે આ લોક સજર્યા.' ઐતરેય ૨-૧, ૨.

'એણે ઈચ્છયું, આ સર્વ મારા વીના કેમ હોય ? ... એણે મસ્તકની સીમાને વીદારીને એ દ્વારથી આમાં પ્રવેશ કર્યો.' ઐતરીય ૩-૧૧, ૧૨.

'હે સૌમ્ય, પ્રથમ સત્ હતું. એક અને અદ્વીતીય. .... એણે ઈચ્છયું કે હું અનેક થાઉં, પ્રજામય બનું. પછી એણે તેજ સજર્યું.' છાન્દોગ્ય ૬-૨-૩

એ તેજમાંથી પાણી થયું. પાણીમાંથી અન્ન થયું અને પછી-

એ દેવતાએ ઈચ્છયું કે હું આ ત્રણ દેવતાઓમાં (તેજ, વારી અને અન્નમાં) આ જીવ રુપે - આત્મારુપે પ્રવેશું અને એનાં નામ - રુપ પૃથક કરું.' છાન્દોગ્ય ૬-૩-૩.

વીશ્વનાં અચેતન તત્વોની સૃષ્ટીનું વર્ણન કરવામાં ઇંડાના પ્રતીકની કલ્પના પુર્વગામી બ્રાહ્મણ-ગ્રન્થોએ કરી હતી તેવી ઉપનીષદમાં પણ જોવામાં આવે છે. દાખલા તરીકે -

'આ સર્વ અગ્રે અસત્ હતું. તે જ સત્ હતું, અને તેમાંથી ઇંડુ એક વર્ષ પડયું રહ્યું,, પછી એ ફાટયું અને એનાં બે (અર્ધગોળ) કપાલ થયાં. એક રુપાનું અને બીજું સોનાનું.'

'રુપાનું કપાલ તે આ પૃથ્વી, સુવર્ણનું કપાલ તે આ દ્યો (આકાશ) એ ઇંડાનું વેષ્ટન અર્થાત્ કોચલું તે આ પર્વતો; અંદરનું પ્રવાહી વેષ્ટન તે મેઘ અને ઝાકળ, દામનીઓ તે સરીતાઓ અને બસ્તીમાંનું જળ તે સમુદ્ર.'

'અને પછી ઇંડામાંથી જે જન્મ્યું તે સુર્ય. એનો જન્મ થતાં મોટા કોષ થયા. તેમાંથી સર્વ ભુતો (જીવો) થયા, સર્વે કામ ઉદ્‌ભવ્યા.'

ઐતરેય ઉપનીષદ (૧-૨-૩) ઇંડાનો ઉપમાન તરીકે નીર્દેશ કરે છે. અને કહે છે કે પરમાત્માને, લોક અને લોકપાલોને સર્જવાની ઈચ્છા થતાં પાણીમાંથી પુરુષને બહાર કાઢયો અને એ પુરુષ તૃપ્ત થયો ત્યારે જેમ ઇંડું ઉઘડે તેમ મુખ પ્રકટયું. અને એમાંથી વાણી ઉદ્‌ભવી. વાણીમાંથી અગ્નીની અને નાસીકાની ઉત્પત્તી થઇ; અને પછી કહે છે એમાંથી દેહની ઈન્દ્રીયો થઈ.

સામાન્યતઃ એવો ખ્યાલ છે કે વેદોમાં કામાચાર છે, અશ્લીલ મંત્રો અને ક્રીયાકાંડો છે, પરંતુ ઉપનીષદોમાં તો નીર્ભેળ વીશુદ્ધ ચીંતન જ છે, પરંતુ સાવ એવું કહી શકાય તેમ નથી. જેમ કે બૃહદારણ્યક રુષી કહે છે,' પ્રેયસીના આલીંગનમાં જતાં બધું ભુલી જવાય છે. એમ બ્રહ્મ જ્ઞાનથી પણ બધું ભુલી જવાય છે. (બૃહદ : ૪-૩-૨૧) વળી અન્યત્ર કહેવાયું છે કે, 'બ્રહ્માનંદ એ સ્ત્રીને આલીંગન કરતાં થતાં આનંદ જેવો છે !' યજ્ઞની ઉપનીષદે આપેલી ઉપમા સાંભળવા જેવી છે. 'અગ્ની સ્ત્રી છે. શીલા એ લીંગ, ધુમાડો એ એની પરના વાળ, જવાળા સ્ત્રીની યોની, ચીનગારી આનંદ કણ, આહુતી વીર્ય !' (બૃહદાણ્યકઃ ૬-૨-૧૩) 'હીંકાર અર્થાત્ આમંત્રણ પ્રસ્તાવ અર્થાત્ કામ યાચના, ઉદ્‌ગીથ એટલે તો ૐકાર, 'સામવેદનો મંત્રોચ્ચાર એની સાથે સહશયનની ઉપમા કેવી રીતે બંધ બેસે, તે સમજાય તેવું નથી.

વેદ રુષીઓથી ઉપનીષદના રુષીઓ જુદા પડયા અને આત્મા-પરમાત્મા વીષે ચીંતન કર્યું. પણ તે પહેલાં ચાર્વાક રુષી (ખરેખર તો વૈજ્ઞાનીક જ) જુદા પડયા અને તેમણે તો યજ્ઞનો આત્મા-પરમાત્મા-કર્મફળ-પુનરાવતાર-એમ સઘળા વીચારોનો સમુળો ઉચ્છેદ કર્યો. ચાર્વાક વીશ્વના પ્રથમ નીરીશ્વરવાદી ચીંતક હતા. તેમના પછી કદાચ બૃહસ્પતી (દેવોના ગુરુ હતા તે નહીં) પરનાં ત્રણ તત્વો-સુર્યપ્રકાશ, જળ અને માટીના રાસાયણીક સંયોજનોથી જેમ સડેલા જવમાંથી મદ્ય ઉત્પન્ન થાય છે, તેમ જીવ ઉત્પન્ન થયો. ચાર હજાર વર્ષ પછી આધુનીક વીજ્ઞાને ચાર્વાક મતને સમર્થન આપ્યું છે કે રાસાયણીક સંકીર્ણ સંયોજનોથી સર્વપ્રથમ જીવ અમીબા ઉત્પન્ન થયો હતો.

આમ ચાર્વાકના મતે તો સમગ્ર વેદ-વેદાંતનો પાયો જ ખોટો છે. આત્મા જ નથી, તો પરમાત્મા કયાંથી હોય ? જેનું અસ્તીત્વ જ નથી. એની ચર્ચા-વીચારણા વીતંડા કરવાનો શો અર્થ ?

ચાર્વાક અને બૃહસ્પતી પછી પાંચેક સદી બાદ અજીત કેશકંબલી થયા. તેમણે પાપ-પુણ્ય, કર્મફળ, સ્વર્ગ-નરકના ખ્યાલોનો ઈન્કાર કર્યો. સાંખ્ય દાર્શનીક કપીલ પછી બુદ્ધ-મહાવીર થયા. એમણે તો ઈશ્વર વીષે વાત જ કરવાનો ઈન્કાર કર્યો. અલબત્ત બુદ્ધ મહાવીરને ચાર્વાક જેવા શુદ્ધ નીરીશ્વરવાદી ન કહી શકાય. તેમણે હીંસક યજ્ઞોનો વીરોધ કર્યો. પરંતુ અહીંસક યજ્ઞ માન્ય રાખ્યા. અલબત્ત મહીમા તો જ્ઞાનયજ્ઞનો જ કર્યો.

**સંદર્ભગ્રંથો :**


| | | |
|---|---|---|
| ૧. | ઉપનીષદો | - રામપ્રસાદ પ્રે. બક્ષી |
| ૨. | ઉપનીષદોનો અભ્યાસ | - વીનોબા |
| ૩. | Upnishads | - સી. રાજગોપાલાચારી |
| ૪. | ખટ્ટર કાકા | - હરીમોહન ઝા |
| ૫. | ધર્મગ્રંથો કા પુનર્પાઠ | - મુદ્રા રાક્ષસ |
| ૬. | દર્શન | - વેદ સે માકર્સ તક - ડો. ભદંત આનંદ કૌશલ્યાયન |
| ૭. | સંશય | - પ્રવીણ ગઢવી |


---


## સત્યશોધક સભાનાં પ્રકાશનો

| | |
|---|---|
| (૧) વીજ્ઞાન અને અલૌકીક ઘટનાઓ રૂા. ૫૦ | - ડો. બી. એ. પરીખ |
| (૨) ચમત્કારોની ભીતરમાં રૂા. ૩૦ | - સીદ્ધાર્થ દેગામી |
| (૩) નવા વહેમો : વાસ્તુશાસ્ત્ર અને ફેંગશુઈ રૂા. ૩૦ | - ડો. બી. એ. પરીખ |
| (૪) આપણો માંદો સમાજ રૂા. ૩૦ | - સુર્યકાન્ત શાહ |
| (૫) લગ્ન પહેલા અને પછી (બીજી આવૃત્તી) રૂા. ૩૫ | -ડો. બી. એ. પરીખ |
| (૬) ડાર્વીનનો ઉત્ક્રાંતીવાદ : માનવીનું અવતરણ રૂા. ૩૫ | -ડો. બી. એ. પરીખ |
| (૭) જ્યોતીષ વીજ્ઞાન નહીં, મીથ્યા કલ્પના રૂ. ૩૦ | -ડો. બી. એ. પરીખ |
| (૮) જૈનોનું તર્કશુદ્ધ અજ્ઞાન રૂા. ૩૦/- | -સુર્યકાન્ત શાહ |

**મેળવવા માટે મ. ઓ. કરો.**

# ચીંતનીકા

**–મોહન આર. પટેલ**

* બાલ્ઝાક કહે છે : માણસ માનસીક રીતે કેટલો પુખ્ત છે તેનું માપ તે કશુંક વાંચ્યા પછી કેટલી વેદના અનુભવે છે તેના પરથી તારવી શકાય.
* એડોલ્ફ હીટલર કહે છે : પ્રચારનું માધ્યમ જો પ્રપંચી હોય અને સતત હોય તો લોકો પોતાને ભયાનક વેદનામય જીવનને સુખી સમજતા થઈ જાય છે.
* તેજસ્વી માનવીને દુઃખ તો પોતાની શકતીની મર્યાદાનું હોય છે. **–કનફ્યુસીસ**
* તમને શંકા હોય ત્યારે સાચું જ કહેવાનું રાખજો...! **–માર્ક ટ્વેઈન**
* આજકાલ ધાર્મીક ઘેલછા કંઈક અંશે-ગાંડપણથી ભારતની ભોળી પ્રજાને અંધશ્રદ્ધામાં રાખવામાં આવે છે. અને તેથી ધર્મના અફીણથી પુજા-પાઠ ભજનો તથા અનેક પ્રકારના ધન-દોલતજનીત બદીઓ વગેરે ઉભરાતાં ધાર્મીક સ્થળાએ-સંસ્થા ટ્રસ્ટો કે મંડળો જ જો શીક્ષણ અને આરોગ્ય વીગેરે ક્ષેત્રે વૈજ્ઞાનીક-માનવવાદી પ્રવૃત્તીઓ કરે તો ભારત 'વીશ્વની મહાસત્તા' બની શકે છે.
* દેશ, રાજ્ય, સંગઠનો, મંડળ-સંસ્થામાં લઘુમતી પક્ષની અવગણના તે લોકશાહી વીરુદ્ધ છે. લોકશાહીને સફળ કરવા તટસ્થ માનવવાદી નીર્ણયો જરુરી છે.
* તમે પોતે નકલ કરીને અન્યની જેમ બની ન શકો. **-મોહનભાઈ પટેલ**
* કઠોર પરીશ્રમ કરી, જ્ઞાનશકતી વીકસાવી આગળ વધો. **-મોહન પટેલ**
* જે બુદ્ધીપુર્વક કામ કરતો નથી તે મુર્ખ છે. જે બુદ્ધી ચલાવી શકતો નથી તે 'તર્કહીન' છે અને જે બુદ્ધી ચલાવતાં ડરે છે તે અંધશ્રદ્ધાળુ છે. **-બ્રાન્ચરિકી**
* બધી જ મહાન ભુલોના પાયામાં અહંકાર છે. **-રસ્કીન**
* જો તક આપવામાં આવે તો ભારત પોતાના વીવીધ ક્ષેત્રો અને જ્ઞાનનાં ક્ષેત્રે કેટલાયે હજાર લોકોને ઉચ્ચસ્તરે તૈયાર કરી શકે એમ છે. પરંતુ બાળકોને આવી તકો હોતી નથી...! જે બાળકોને શીક્ષણ ખોરાક અને પુરતા વચનો આપવામાં આવતાં નથી તે બાળકોનું દ્રશ્ય મારી નજર સમક્ષ આવતાં જ મારું મન દુઃખી થઈ જાય છે...!!

આજે આપણે બાળકોને શીક્ષણ આપી ન શકીએ તો આપણું આવતી કાલનું ભારત કેવું બનશે ? આથી રાજયની જવાબદારી થઈ જાય છે કે, દેશમાં દરેકે દરેક બાળકને સાચું શીક્ષણ મળી શકે તથા દેશમાં દરેકે દરેક બાળકને મફત શીક્ષણ મળી શકે. **-જવાહરલાલ નહેરુ**

* વીશ્વના શાસકો ભોળી-મુર્ખામી હદની પ્રજાને ઉત્તમ પ્રવચનો અને જુઠાં વચનો કે ધાર્મીક ઘેલછાંથી ભોળવીને કેટલાક મુડીવાદી તત્વો કે એજન્ટોથી શાસન ચલાવવા તંત્રને દોરી શકે છે જે પ્રજા માટે લાંબા ગાળે અધોગતી લાવે છે.

**-મોહન આર. પટેલ**

---

### સત્યશોધક સભાના પ્રમુખ તરીકે

## પ્રો. સુર્યકાન્ત શાહની વરણી કરાઈ

---

### ઉપપ્રમુખો તરીકે અતુલ પાઠકજી અને મનસુખભાઈ નારીયા, મંત્રીઓ તરીકે જાદવભાઈ વેકરીયા ડો. સુષ્મા ઐય્યર વરાયા

સત્યશોધક સભાની સામાન્ય સભાની વી.આઈ.પી. રોડ, આગમ ઓર્ચીડ ખાતે આવેલી સંસ્થાની ઓફીસમાં મળી હતી, જેમાં નવા હોદ્દેદારોની પસંદગી કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ તરીકે પ્રો. સુર્યકાન્ત શાહ, ઉપપ્રમુખ તરીકે અતુલ પાઠકજી અને મનસુખભાઈ નારીયા, મંત્રી તરીકે જાદવભાઈ વેકરીયા અને ડો. સુષ્મા ઐય્યર, સહમંત્રી તરીકે હસમુખભાઈ પટેલ અને સુગીત પાઠકજી, તેમ જ ખજાનચી તરીકે મોહનભાઈ પટેલ ચુંટાયા હતા. આ મીટીંગ દરમ્યાન રેશનાલીસ્ટ લેખક રમણભાઈ પાઠક અને પ્રો. બાબુભાઈ દેસાઈને યાદ કરવામાં આવ્યા હતા.

છેલ્લાં ૩૫ વર્ષથી સમાજના તર્કવાદ (રેશનાલીઝમ) ના પ્રચાર - પ્રસારનું કામ કરતી સંસ્થા સત્યશોધક સભા સમાજમાં ધાર્મીક પરંપરાઓના નામે પ્રવર્તતી અંધશ્રદ્ધા, અવૈજ્ઞાનીક વાતો, રુઢીવાદી માનસીકતાઓને પડકારી સમાજમાં વૈજ્ઞાનીક અભીગમ કેળવવાનું કામ કરે છે. જ્યાં પણ ભગવાન, માતાજી, ભુત, ભુવા, ડાકણ, ચુડેલને નામે લોકો સાથે છેતરામણી કરવામાં આવતી હોય છે ત્યાં આ સંસ્થાના કાર્યકરો લોકોની મદદે આવતા હોય છે. સત્યશોધક સભા, રેશનાલીઝમને પ્રોત્સાહન આપવા માટે રેશનાલીસ્ટ લેખક રમણ પાઠકની સ્મૃતીમાં ‘રમણભ્રમણ સુવર્ણ ચંદ્રક’ આપતી દેશની એક માત્ર સંસ્થા છે.

## 'સત્યના પ્રયોગો' માં
# ગાંધીજીનું સત્યાન્વેષણ

આ પ્રયોગો વીશે હું કોઈ પણ પ્રકારની સંપુર્ણતા આરોપતો જ નથી. વીજ્ઞાનશાસ્ત્રી જેમ પોતાના પ્રયોગો અતીશય નીયમસર, વીચારપુર્વક અને ઝીણવટથી કરે છે, છતાં તેમાંથી નીપજાવેલાં પરીણામોને તે છેવટનાં ગણાવતો નથી, અથવા તો એ એનાં સાચાં જ પરીણામ છે એ વીશે પણ સાશંક નહીં તો તટસ્થ રહે છે, તેવો જ મારા પ્રયોગોને વીશે મારો દાવો છે. મેં ખુબ આત્મનીરીક્ષણ કર્યું છે. એકએક ભાવને તપાસ્યો છે. તેનું પૃથક્કરણ કર્યું છે. પણ તેમાંથી નીપજેલા પરીણામ એ સહુને સારુ છેવટનાં જ છે. એ ખરાં છે અથવા તો એ જ ખરાં છે એવો દાવો હું કોઈ દીવસ કરવા ઈચ્છતો નથી. હા, એક દાવો હું અવશ્ય કરું છું કે મારી દષ્ટીએ એ ખરાં છે, અને અત્યારે તો છેવટનાં જેવાં લાગે છે.

જે પ્રકરણો હું લખવાનો છું તેમાં જો વાંચનારને અભીમાનનો ભાસ આવે તો તેણે અવશ્ય સમજવું કે મારી શોધમાં ખામી છે, અને મારી ઝાંખીઓ તે ઝાંઝવાનાં નીર સમાન છે. ભલે મારા જેવા અનેકોનો ક્ષય થાઓ, પણ સત્યનો જય થાઓ. અલ્પાત્માને માપવાને સારું સત્યનો ગજ કદી ટુંકો ન બનો.

મારા લેખોને કોઈ પ્રમાણભુત ન ગણે એમ હું ઈચ્છું છું, એવી મારી વીનંતી છે. તેમાં દર્શાવેલા પ્રયોગોને દષ્ટાંતરૂપે ગણીને સૌ પોતપોતાના પ્રયોગો યથાશકતી અને યથામતી કરે એટલી જ મારી ઈચ્છા છે. એ સંકુચીત ક્ષેત્રમાં મારા આત્મકથાના લેખોમાંથી ઘણું મળી શકશે એવો મારો વીશ્વાસ છે.

*

જો મારે એક પત્નીવ્રત પાળવું જોઈએ તો પત્નીએ એક પતીવ્રત પાળવું જોઈએ. આ વીચારથી હું અદેખો ધણી બન્યો. 'પાળવું જોઈએ'માંથી 'પળાવવું જોઈએ' એ વીચાર ઉપર આવ્યો અને જો પળાવવું જોઈએ તો મારે ચોકી રાખવી જોઈએ. મારું વીષયસુખ એક સ્ત્રી ઉપર જ નીર્ભર હતું, અને હું તે સુખનો પ્રતીઘોષ ઈચ્છતો હતો.

*

વીવાહનું પરીણામ એ આવ્યું કે અમારું બે ભાઈનું એક વર્ષ નકામું ગયું. મારા ભાઈને તો સારું તો એથીયે વીષમ પરીણામ આવ્યું. વીવાહ પછી તે નીશાળમાં ન જ રહી

શકયા. આવું અનીષ્ટ પરીણામ તો દૈવ જાણે કેટલા જુવાનોનું આવતું હશે. વીદ્યાભ્યાસ ને વીવાહ બેઉ એકસાથે તો હીંદુ સંસારમાં જ હોય.

કસરતને શીક્ષણની સાથે સંબંધ ન હોય એવા ખોટા વીચાર તે વેળા હું ધરાવતો. પાછળથી સમજ્યો કે વ્યાયામને એટલે શારીરીક કેળવણીને માનસીકના જેવું જ સ્થાન વીદ્યાભ્યાસમાં હોવું જોઈએ.

ઉંચ મનાતા વર્ણની હીંદુ સ્ત્રી અદાલતમાં જઈ બંધાયેલી ગાંઠને કપાવી પણ ન શકે, એવો એકપક્ષી ન્યાય તેને સારું રહેલો છે. એવો ન્યાય મેં આપ્યો તેનું દુ:ખ કદી વીસરી શકું તેમ નથી.

વડીલોની આજ્ઞા વીના કંઈ જ ન થાય એ દુ:ખ થઈ પડયું. અમે કંટાળ્યા ને અમે તો આપઘાત કરવાનો નીશ્ચય કર્યો ! બીડી પીવાની ઈચ્છા જ મને કદી નથી થઈ , અને એ ટેવ જંગલી, ગંદી ને હાનીકારક છે એમ મેં સદાય માન્યું છે. બીડીનો આટલો જબરદસ્ત શોખ દુનીયામાં કેમ છે એ સમજવાની શકતી હું કદી મેળવી શકયો નથી.

વૈષ્ણવ ધર્મ એ આકરું શાસન છે. બાહ્ય શુદ્ધી અતી આવશ્યક છે. પણ પાશ્ચાત્ય વૈદકશાસ્ત્રે શીખવ્યું છે કે, મળત્યાગાદીની તથા સ્નાનાદીની બધી ક્રીયાઓ બીછાને પડયાં પડયાં પણ સંપુર્ણ સ્વચ્છતાથી થઈ શકે છે, ને રોગીને કષ્ટ ઉઠાવવું પડતું નથી. જયારે જુઓ ત્યારે તેનું બીછાનું સ્વચ્છ જ હોય. આમ સચવાયેલી સ્વચ્છતાને હું તો વૈષ્ણવ ધર્મને નામે જ ઓળખું.

પત્નીને જે બાળક અવતર્યું તે બે કે ચાર દીવસ શ્વાસ લઈને ચાલ્યું ગયું. બીજું પરીણામ શું હોઈ શકે ? જે માબાપોને અથવા તો જે બાલદંપતીને ચેતવું હોય તે આ દ્રષ્ટાંતથી ચેતો.

મારો જન્મ વૈષ્ણવ સંપ્રદાયમાં એટલે હવેલીએ જવાનું વખતોવખત બને. પણ તેને વીશે શ્રદ્ધા ઉત્પન્ન ન થઈ. હવેલીનો વૈભવ મને ન ગમ્યો. હવેલીમાં ચાલતી અનીતીની વાતો સાંભળતો તેથી તેને વીશે મન ઉદાસ થઈ ગયું. ત્યાંથી મને કંઈ જ ન મળ્યું.

વળી પીતાજી પાસે જૈન ધર્માચાર્યોમાંથી કોઈ હંમેશાં આવે. પીતાજી તેમને વહોરાવે પણ ખરા, તેઓ પીતાજી સાથે ધર્મની તેમ જ વ્યવહારની વાતો કરે. ઉપરાંત, પીતાજીને મુસલમાન અને પારસી મીત્રો હતા તે પોતપોતાના ધર્મની વાતો કરે, અને પીતાજી તેમની વાતો માનપુર્વક અને ઘણી વેળા રસપુર્વક સાંભળે. આવા વાર્તાલાપો વખતે હું 'નર્સ' હોવાથી ઘણી વેળા હાજર હોઉં. આ બધા વાતાવરણની અસર મારા ઉપર એ પડી કે સર્વ ધર્મો પ્રત્યે મારામાં સમાનભાવ પેદા થયો.

દાકતરી ધંધો કરવાનું બાપુને ન ગમતું, તારી વાતો કરતાં જ તે કહેતા કે આપણે વૈષ્ણવ હાડમાંસ ચુંથવાનું કામ ન કરીએ.

નાત ધારે છે કે તે વીલાયત જવાનો વીચાર કર્યો છે તે બરોબર નથી. આપણા ધર્મમાં દરીયો ઓળંગવાની મનાઈ છે. વળી વીલાયતમાં ધર્મ ન સચવાય એવું અમે સાંભળીએ છીએ. ત્યાં સાહેબ લોકોની સાથે ખાવુંપીવું પડે છે.

આ છોકરાને આજથી નાતબહાર ગણવામાં આવશે. જે કોઈ તેને મદદ કરશે અથવા વળાવવા જશે તેને નાત પુછશે, ને તેનો સવા રુપીયો દંડ થશે. મેં બનેવીની પાસેથી પૈસા માંગ્યા. તેમણે નાતના હુકમની વાત કરી. નાતબહાર થવું તેમને ન પરવડે. કુટુંબના એક મીત્ર પાસે હું પહોંચ્યો અને મને એક ભાડા વગેરેને સારુ જોઈતા પૈસા આપી ભાઈ પાસેથી તે મેળવી લેવા વીનંતી કરી. આ મીત્રે તેમ કરવા કબુલ કર્યું, એટલું જ નહીં પણ મને હીંમત આપી. મેં તેમનો આભાર માન્યો, પૈસા લીધા, ને ટીકીટ કઢાવી.

## સાહેબ થવા તો ભણવું જ પડે !!!

ડરાવી ધમકાવી કે ડફોળાઈ કરીને દાદા, બાપુ કે ભા તો બની જવાય....!!!

બાકી સાહેબ કહેરાવવા તો ભણવું જ પડે....!!!

જુઠ પાખંડ કે અસત્ય ફેલાવી મહંત, મુલ્લાં કે પાદરી તો બની જવાય....!!!

બાકી જજ બની નીર્ણય કરવા તો ભણવું જ પડે...! ! !

વહેમ અંધશ્રદ્ધાનું કે ગુમરાહ કરી ભુવા, ફાધર પંડીત કે મોલવી તો બની જવાય...!!! બાકી ડોકટર બની નીદાન કરવા તો ભણવું જ પડે....!!!

તારો ધર્મ નીચો ને મારો ઉંચો કરી....હીન્દુ, મુસ્લીમ શીખ કે ઈસાઈ તો બનીજવાય...!!!

બાકી સત્ય સમજવા અને ઈન્સાન બનવા તો ભણવું જ પડે....!!!

શીક્ષીત બનો

સંગઠીત બનો

સંઘર્ષ કરો.

('અવર રેશનાલીઝમ' વેબસાઈટ પરથી)

# સરકારને અર્બન આતંકવાદી પ્રત્યે સહાનુભુતી કેમ ?

-એન. વી. ચાવડા

તાજેતરમાં ટીવી ન્યુઝ ચેનલો ઉપર એવા સમાચાર જોવા મળ્યા કે મોદી સરકાર અર્બન નકસલીઓ પ્રત્યે સંવેદના નહીં રાખે. એનો એક અર્થ તો એ થાય કે સરકારને આદીવાસીઓના થઈ રહેલા શોષણ અને અન્યાય-અત્યાચાર માટે કોઈ સંવેદના નથી કારણ કે સરકાર જેને અર્બન નકસલીઓ કહે છે એવા અર્બન વીદ્વાનો, લેખકો અને ચીંતકો વગેરે કેવળ આદીવાસીઓનાં દુઃખો, સંકટો, પ્રશ્નો અને સમસ્યાઓની જ જાહેર રજુઆત કરે છે કારણ કે આદીવાસી પ્રત્યે આ કથીત નકસલવાદીઆને સંવેદના છે. સરકારને આ અર્બન નકસલવાદીઓ પ્રત્યે સહાનુભુતી નથી એમ તે પોતે કહે છે એનો અર્થ એમ થાય કે સરકારને આદીવાસીઓના દુઃખો પ્રત્યે સંવેદના નથી.

આશ્ચર્ય અને ખેદની વાત એ છે કે સરકાર સાચા અર્બન આતંકવાદીઓ વીશે ગંભીર અને ગુઢ મૌન સેવે છે. જે બુદ્ધીજીવી વીદ્વાનો, લેખકો, કવીઓ, ચીંતકો અને પ્રવચનકારો ભારતીય બંધારણના સમાનતા, સવતંત્રતા, બંધુતા, વીચાર-વાણીની અભીવ્યકતીની સ્વતંત્રતા અને વૈજ્ઞાનીક અભીગમ ફેલાવવાના આદેશની વીરુદ્ધમાં સમાજમાં વર્ણવ્યવસ્થા અને તદ્‌જન્ય જાતી પ્રથા, ઉંચનીચ ભેદ, અસ્પૃશ્યતા, અનેક પ્રકારની અંધશ્રદ્ધા તથા વ્યર્થ અને હાનીકારક ક્રીયાકાંડોનો પ્રચાર-પ્રસાર કરી રહ્યા છે. વાસ્તવમાં અર્બન આતંકવાદીઓ છે. એમના પ્રત્યે સરકાર મૌન રહીને ભારતીય બંધારણનું ઉલ્લંઘન અને અપમાન કરી રહી છે. આવા અર્બન આતંકવાદીઓના ટેકાથી આ સરકાર ટકી છે તેથી તેમના તરફ સહાનુભુતી રાખે તે સમજી શકાય તેમ છે. આ અર્બન આતંકવાદીઓ સમાજમાં જુઠ, અજ્ઞાન અને અંધશ્રદ્ધા ફેલાવીને સમાજને સ્થાપીત હીતોનો શીકાર બનાવે છે !

## ભૌતીકવાદ

ભૌતીકવાદ (ભોગવાદ નહીં !) એ તત્ત્વને સ્વીકારે છે કે કુદરતમાં પદાર્થ જ પાયામાં છે. માણસની માનસીક પરીસ્થીતી અને સભાનતા સહીત બધી જ બાબતો પદાર્થો વચ્ચેના આંતર વ્યવહારોની નીપજ છે.

માનવ મગજ, ઈચ્છા અને માનવ ઈતીહાસનો સમગ્ર ક્રમ સહીતની બધી હકીકતો ભૌતીક પ્રક્રીયાઓ સાથે કાર્ય-કારણના સંબંધથી બંધાયેલી છે. આ હકીકતો પણ અંતે ભૌતીક પ્રક્રીયાઓમાં પરીણમીત થાય છે. ટુંકમાં સમગ્ર વીશ્વ, સચરાચર અને માણસને પણ ઈશ્વર-ખુદાની કોઈ જરુર પડી જ નથી.

## સત્યશોધક સભા
# ૨૦૨૧–૨૨ નો વાર્ષીક અહેવાલ

–પ્રેમ સુમેસરા, સુનીલ શાહ
(મંત્રીઓ, સત્યશોધક સભા)

સત્યશોધક સભા દ્વારા વર્ષ ૧૯૨૧-૨૨ દરમ્યાન થયેલી પ્રવૃત્તીઓનો અહેવાલ આ સાથે રજુ કરીએ છીએ.

(૨) કાળી ચૌદશ નીમીત્તે અંધશ્રદ્ધા નીર્મુલન લોકજાગૃતી અભીયાનના નામે એક નીવેદન તૈયાર કરી કાળી ચૌદશ અને દીવાળીના દીવસોમાં ખોટી માન્યતાઓ અને અંધશ્રદ્ધામાં લોકો ગેરમાર્ગે દોરાય નહીં તેવા પ્રયત્નો કરાયા હતા, એ માટે વોટ્સએપ માધ્યમથી લોકો જોડાય અને નીવેદનની નીચે પોતાનું નામ અને મોબાઈલ નંબર ઉમેરી એ નીવેદન અન્ય મીત્રોને ફોરવર્ડ કરે તે પ્રકારની વ્યવસ્થા કરાઈ હતી.

(૨) અમેરીકાસ્થીત જાણીતા રેશનાલીસ્ટ શ્રી ભુપેન્દ્રસીંહ રાઓલજી સાથે ‘એક સાંજ’ નામનો કાર્યક્રમ જે. ડી. ગાબાણી પુસ્તકાલય ખાતે યોજાયો હતો. જેમાં સંસ્થાના કાર્યકરો તથા નાગરીકો જોડાયા હતા. શ્રી રાઓલજીએ રેશનાલીઝમ પર પોતાના વીચારો અસરકારક રીતે રજુ રીતે કર્યા હતા. સંસ્થા તરફથી પ્રમુખ અને મંત્રીએ તથા વલ્લભભાઈ ઈટાલીયાએ પોતાના વીચારો દ્વારા રેશનાલીઝમ પર મુકયો હતો.

(૩) સત્યશોધક સભા અને જીલ્લા લોકવીજ્ઞાન કેન્દ્ર દ્વારા રાષ્ટ્રીય વીજ્ઞાન દીવસની ઉજવણી સંદર્ભે વીશ્વભારતી ઈન્ટરનેશનલ ગર્લ્સ સ્કુલમાં વકતવ્ય, પ્રોગ્રામ અને વીવીધ સ્પર્ધાઓ યોજવામાં આવી હતી, જેમાં પ્રમુખ સીદ્ધાર્થ દેગામી તથા ઉપપ્રમુખ મનસુખ નારીયાએ ઉપસ્થીત રહી માર્ગદર્શન અને પ્રોત્સાહન પુરા પાડયાં હતાં.

(૪) શાંતમ્ સીનીયર સીટીઝનના ઉપક્રમે સીટી લાઈટ સીનીયર સીટીઝન માટે અંધશ્રદ્ધા નીવારણ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. જેમાં પ્રમુખ સીદ્ધાર્થ દેગામીએ પ્રયોગ નીદર્શન દ્વારા વડીલોને અંધશ્રદ્ધાથી મુકત રહેવા માર્ગદર્શન આપ્યું હતું.

(૫) ભારત સરકારના વીજ્ઞાન અને પ્રોદ્યોગીક મંત્રાલય, પૃથ્વી મંત્રાલય અને વીજ્ઞાન ભારતીના સંયુકત ઉપક્રમે તારીખ ૧૦ થી ૧૩ ડીસેમ્બર ગોવા ખાતે યોજાયેલ ઈન્ડીયન ઈન્ટરનેશલ સાયન્સ ફેસ્ટીવલમાં સત્ય શોધક સભાને ‘સાયન્સ બીહાઈન્ડ મીરેકલ’ની પ્રસ્તુતી માટે સ્ટોલ ફાળવવામાં આવ્યો હતો. પ્રમુખ સીદ્ધાર્થ દેગામીએ અને સભ્ય પ્રવીણ મીયાત્રા એ પ્રયોગ નીદર્શન દ્વારા અંધશ્રદ્ધા નીર્મુલન માટે જ્ઞાનવર્ધક કાર્યક્રમો આપ્યા હતા.

(૬) ભારત સરકારના શાળા શીક્ષણ અને સાક્ષરતા વીભાગ દ્વારા મહીલાઓ માટે ચાલતા કાર્યક્રમો ગુજરાત સરકાર ૧૯૮૮થી યોજે છે. ગરીબ પરીવારની સ્ત્રીઓના આરોગ્ય, શીક્ષણ અને સશકતીકરણને વેગ આપતો એક કાર્યક્રમ કામરેજના દાદા ભગવાન મંદીરના કેમ્પસમાં યોજાયો હતો. પ્રમુખ સીદ્ધાર્થ દેગામીએ બહેનોમાં થતા માનસીક રોગો વીશે સમજુતી આપી હતી. સભાના કાર્યકર ભારતીબેન દેગામીએ દીકરા-દીકરી વચ્ચે થતા ભેદભાવ બાબતે ચર્ચા કરી હતી.

(૭) પ્રશંસા ફાઉન્ડેશન, વડોદરા અને સત્યશોધક સભા દ્વારા ભારત સરકારના વીજ્ઞાન અને ટેકનોલોજી પુરસ્કૃત જનજાગૃતી શીબીર , દમણની સરકારી કોલેજમાં યોજાયો હતો. સામાજીક દુષણો અને અંધશ્રદ્ધા નીવારણ બાબતે જાહેર માધ્યમોની ભુમીકા વીશે પ્રમુખ સીદ્ધાર્થ દેગામીએ વકતવ્ય આપ્યું હતું. આ શીબીરમાં પપેટ શો, શેરી નાટક નીર્માણ તથા લોકજાગૃતી ગીતોની રચના અંગે વીદ્યાર્થીઓને તાલીમ આપવામાં આવી હતી.

(૮) વીજ્ઞાન દીન નીમીત્તે કે. એસ. જોષી સ્કુલમાં આયોજીત વીજ્ઞાન પ્રદર્શનમાં સંસ્થાના કાર્યકરોએ હાજરી આપી હતી. તથા વીદ્યાર્થીઓ સમક્ષ પ્રમુખ સીદ્ધાર્થ દેગામીએ ચમત્કારના પ્રયોગોનું નીદર્શન કર્યું હતું. મંત્રી સુનીલ શાહે પ્રયોગોની વૈજ્ઞાનીક સમજુતી આપી હતી. શ્રી અતુલ પાઠકજીએ પ્રાસંગીક ઉદ્‌બોધન કર્યું હતું.

(૯) ગોધરાના પ્રખર રેશનાલીસ્ટ ડોકટર સુજાત વલીને ‘રમણભ્રમણ ચંદ્રક’ અર્પણ કરવાનો એક કાર્યક્રમ ગોધરા ખાતે યોજાયો હતો. જેમાં પ્રમુખ સીદ્ધાર્થ દેગામી, ઉપપ્રમુખ સુર્યકાન્ત શાહ, મનસુખ નારીયા, મંત્રીઓ પ્રેમ સુમેસરા, સુનીલ શાહ અને સહમંત્રીઓ જાદવ વેકરીયા તથા હસમુખભાઈ પટેલે ભાગ લીધો હતો.

(૧૦) સંસ્થાના સભ્યો દ્વારા વ્યકતીગત રકમ એકત્ર કરી કોવીડ મહામારીમાં મદદરુપ થવા એકતા ટ્રસ્ટ તથા જીવનવીકાસ ટ્રસ્ટને દાન આપવામાં આવ્યું હતું.

(૧૧) સંસ્થાના પુર્વ પ્રમુખ પ્રા. બાબુભાઈ દેસાઈના કાર્યોને યાદ કરી તેમને સ્મરણાંજલી આપતો કાર્યક્રમ સાહીત્ય સંગમમાં યોજાયો હતો. જેમાં મુખ્ય વકતા ઉત્તમભાઈ પરમારે બાબુભાઈ વીશે રસપ્રદ વાતો કરી હતી. દરમ્યાન બાબુભાઈની સુપુત્રી જયશ્રીબેન તથા સપનાબેન તરફથી સંસ્થાને પચાસ હજારનું દાન આપ્યું હતું.

(૧૨) સંસ્થાના ઉપપ્રમુખ પ્રાધ્યાપક સુર્યકાન્ત શાહ તથા પુર્વ ખજાનચી ધનસુખભાઈ પટેલના પ્રયત્નોથી વર્ષ દરમીયાન સંસ્થાને વીવીધ દાતાઓ તરફથી દાન પ્રાપ્ત થયા હતા.

(૧૩) સંસ્થાનું માસીક ‘સત્યાન્વેષણ’ દર મહીનાની ૧૫ મી તારીખે નીયમીત રીતે પ્રગટ થાય, અને નોંધાયેલા સભ્યો સુધી પહોંચે એ માટે મુખ્ય સંપાદક પ્રાધ્યાપક સુર્યકાંત શાહે સરાહનીય કામગીરી કરી છે.

# વૈજ્ઞાનીક અભીગમ વીનાનું શીક્ષણ એક અભીશાપ

**–ઉત્તમ પરમાર**

શીક્ષણ એટલે માહીતી અને જ્ઞાનના આદાન-પ્રદાનની માનવ સમાજ વચ્ચે ચાલતી લૌકીક અને પ્રત્યક્ષ કે પરોક્ષ પ્રત્યાયનની પ્રક્રીયા.

શીક્ષણનો વીષય લૌકીક જગતનો વીષય છે એટલે એના પ્રત્યાયનનું માધ્યમ પણ લૌકીક અને પ્રત્યક્ષ જ  હોવું એ અનીવાર્ય શરત છે. શીક્ષણનો સમગ્ર મનોવ્યાપાર સ્પષ્ટ અને સાર્થક રીતે પરીપુર્ણ કરવો હોય તો શીક્ષણ વૈજ્ઞાનીક અભીગમ વીવેક બુદ્ધીવાદ અને વૈશ્વીક માનવવાદના અધીષ્ઠાન પર અપાતું રહેવું જોઈએ. આપણે જ્યારે વૈજ્ઞાનીક અભીગમની વાત કરીએ છીએ ત્યારે આપણી દ્રષ્ટી સીમીત થઈ જાય છે, અને આપણે માત્ર એવું માનતા હોઈએ છીએ અને કહેતા હોઈએ છીએ કે વીજ્ઞાન વૈજ્ઞાનીક અભીગમથી શીખવવું જોઈએ, પરંતુ આ વાત એકાંગી છે અને સંકુચીત છે. હકીકતમાં તો સમગ્ર શૈક્ષણીક પ્રક્રીયા અને મનોવ્યાપાર તેમ જ પ્રત્યાયન વૈજ્ઞાનીક અભીગમ પર આધારીત હોવાં જોઈએ. માત્ર વીજ્ઞાન જ નહીં, પરંતુ જ્ઞાન, વીજ્ઞાન અને માહીતીની બધી જ વીદ્યા શાખાઓ વૈજ્ઞાનીક અભીગમના અધીષ્ઠાન પર આધારીત હોવી જોઈએ જેમ કે સાહીત્ય, સમાજવીજ્ઞાન, મનોવીજ્ઞાન, ફીલસુફી, કલાદર્શન, પોલીટીકલ સાયન્સ...વગેરે. માનવજાત, સજીવ સૃષ્ટી અને પ્રકૃતી વીજ્ઞાન સહીતની માનવ વીદ્યાઓનું શીક્ષણ અને પ્રત્યાયન વૈજ્ઞાનીક અભીગમના અધીષ્ઠાન પર થવું જોઈએ. આપણે વૈજ્ઞાનીક અભીગમને કયાં તો વીજ્ઞાન પુરતું સીમીત કરીએ છે અને કયાં તો એક વીષય કે પ્રવૃત્તીમાં કેદ કરીને વૈજ્ઞાનીક અભીગમ અપનાવવાની ભ્રાંત માન્યતામાં રાચીએ છીએ.

હકીકતમાં વૈજ્ઞાનીક અભીગમ એ એક દર્શન છે. જીવન જીવવાની કલા છે, એક જીવન શૈલી છે, જેના અધીષ્ઠાન ઉપર આપણે સમગ્ર માનવ સમાજના સંબંધો, માનવીય સહજીવનના સંબંધો અને જ્ઞાન વીજ્ઞાનની અને શીક્ષણની આધારશીલા નીર્માણ કરવાની છે. ભારત જેવા ધર્મ અધ્યાત્મની અવધારણા પર ચાલતા ભારતીય માનવ સમાજમાં અને ભારતીય શીક્ષણ પદ્ધતીમાં વૈજ્ઞાનીક અભીગમનો ભયંકર શુન્યાવકાશ પ્રવર્તે છે. આપણી કુટુંબ સંસ્થા અને આપણી શીક્ષણ સંસ્થાઓ સાતત્યપુર્વક અવૈજ્ઞાનીક અભીગમના અને ધર્મશ્રદ્ધા અંધશ્રદ્ધાના અધીષ્ઠાન પર ચાલતી જોવા મળે છે.

પ્રત્યેક બાળક જ્યારે જન્મે છે ત્યારે એ એક રેશનલ બાળક તરીકે જન્મ લે છે. જન્મતાની સાથે પ્રત્યેક બાળકમાં પોતીકી નીર્મળ વીસ્મય દ્રષ્ટી હોય છે. નૈસર્ગીક સૃજનશીલતા હોય છે. નીરપેક્ષ સંવેદનશીલતા હોય છે, પરંતુ આપણી કુટુંબ વ્યવસ્થા અને સમાજ વ્યવસ્થા પ્રત્યેક બાળક પાંચ વર્ષનું થાય તે પહેલા જ તેને સભ્યતા અને સંસ્કારીતાના નામે ધાર્મીક અંધશ્રદ્ધાના અને અવૈજ્ઞાનીક અભીગમના અફીણી નશામાં ડુબાડી દે છે.

આ જ પ્રક્રીયા આગળ જતા પ્રત્યેક વીદ્યાર્થી બાળક સાથે આપણી શીક્ષણ સંસ્થાઓ અને સામાજીક સંસ્થાઓ તથા ધાર્મીક સંસ્થાઓ વધુ આક્રમક બનીને કરતી હોય છે. આમ આપણી કુટુંબ સંસ્થા, આપણી શીક્ષણ સંસ્થા, આપણી સામાજીક સંસ્થાઓ, આપણી રાજનૈતીક સંસ્થાઓ આપણી ધાર્મીક સંસ્થાઓની વીચારધારાઓ, પ્રવૃત્તીઓ અને પદ્ધતીઓ મુળભુત રીતે અવૈજ્ઞાનીક અભીગમ પર, અમાનવીય અભીગમ પર, વીવેકબુદ્ધીહીન માન્યતાઓ પર અને કાલ્પનીક અંધશ્રદ્ધા પર ચાલી રહી છે. જેને કારણે આપણે એક વીવેકબુદ્ધીહીન, અવૈજ્ઞાનીક અને વૈશ્વીક માનવવાદી અભીગમ વગરનો સંકુચીત સંકીર્ણ અને સમસ્યાગ્રસ્ત સમાજનું સર્જન કરી બેઠા છીએ.

આવી દારુણ પરીસ્થીતીમાંથી જો આપણે મુકત થવું હોય અને ભારતીય સમાજને મુકત કરવો હોય તો તેની શરુઆત રાષ્ટ્રીય સ્તરે નાના ગામડાથી લઈને મહાનગરો સુધી શીક્ષણ સંસ્થાઓ દ્વારા જ કરી શકીએ એમ છીએ.

શીક્ષણ સંસ્થાઓને સૌથી પ્રથમ ધર્મ આધ્યાત્મની અલૌકીક અનુભુતીની વીચારધારા અને સાધના પદ્ધતીથી મુકત કરવાની જરુર છે...અહીં ધર્મ આધ્યાત્મનો કોઈ વીરોધ નથી, પરંતુ શીક્ષણ સંસ્થા મુળભુત રીતે લૌકીક સંસ્થા હોઈ તેમાં કોઈપણ પ્રકારની અલૌકીક અનુભુતીજન્ય અવૈજ્ઞાનીક માન્યતા દ્વારા શીક્ષણ ન આપી શકાય એ મુળભુત સીદ્ધાંત સાચવવાની વાત છે. ધર્મ આધ્યાત્મનું શીક્ષણ એ ધર્મ સંસ્થાનું કામ છે. એના માટેનાં ક્ષેત્ર ધર્મ સંસ્થાનો છે. જેને ધર્મ અધ્યાત્મ વીશે જાણવું હોય કે સાધના કરવી હોય તો તેની વ્યવસ્થા ધર્મ સંસ્થાએ પુરી પાડવાની રહે, પરંતુ તેના માટે શીક્ષણ સંસ્થાનો હરગીજ દુરુપયોગ ન કરી શકાય.

શીક્ષણ સંસ્થા સાથે સંકળાયેલા સંચાલકો, આચાર્યો, શીક્ષકો, વાલીઓ અને વીદ્યાર્થીઓ સહીતના બધા જ લોકો શીક્ષણ સંસ્થામાં વૈજ્ઞાનીક અભીગમ સાથે વીવેકબુદ્ધી સાથે અને વૈશ્વીક માનવવાદ સાથે પોતાનાં વાણી, વર્તન અને અભીગમ ફરજીયાતપણે પ્રસ્થાપીત કરતા હોવા જોઈએ.

**(અનુ. ટા.–૩ ઉપર)**

**(અનુ. પા. નં.-૨૪ નું)**

આપણે ત્યાં શીક્ષકો અવૈજ્ઞાનીક અભીગમના સૌથી મોટા પ્રચારકો અને પ્રવર્તકો છે. શીક્ષક જ જો અવૈજ્ઞાનીક અભીગમ ધરાવતો હોય તો પછી વૈજ્ઞાનીક અભીગમવાળો સમાજ રચવાની કોઈ આશા બચતી નથી.

આપણો સમાજ પણ આપણી શીક્ષણ સંસ્થાઓનો ધાર્મીક માન્યતાઓ અને ધાર્મીક પ્રવૃત્તીઓ માટે મોટા પાયે દુરુપયોગ કરે છે. આ બાબતમાં આપણી શીક્ષણ સંસ્થાઓએ અનીવાર્ય નીયમો બનાવીને શીક્ષણ સંસ્થાઓનો ધાર્મીક પ્રવૃત્તીઓ માટે પ્રતીબંધ મુકી દેવો જોઈએ.

આપણી શીક્ષણ સંસ્થાઓમાં કે.જી.થી લઈને પી જી સુધી વીવેકબુદ્ધીવાદ, વૈજ્ઞાનીક અભીગમવાદી અને વૈશ્વીક માનવવાદી દ્રષ્ટીકોણની કેળવણી કરતો એક સળંગ પાઠયક્રમ દાખલ કરવો જોઈએ. જે ભવીષ્યમાં આપણને વૈજ્ઞાનીક અભીગમવાળો વૈશ્વીક માનવવાદી નાગરીક પેદા કરી આપશે.

વૈજ્ઞાનીક અભીગમ વગરનું માત્ર શીક્ષણ જ નહીં પરંતુ સમગ્ર માનવજીવન અને સમગ્ર સમાજજીવન એક અભીશાપરુપ છે...આ અભીશાપમાંથી મુકતી અપાવવા માટે આપણે દરેક વ્યકતીએ પોતપોતાના સ્થાનેથી સાતત્યપુર્વક સક્રીય રહેવાની જરુર છે.

---

## સત્યશોધક સભાના સત્યશોધન માટેના પ્રયત્નો

વાવડી ગામના સમસ્ત સ્ટેશનનો ૧૮મો સ્નેહ મીલન સમારોહ તા. ૧૭-૭-૨૨ ના રોજ યોજાઈ ગયો. આ સંસ્થાના રાકેશભાઈ ગોંડલીયા, રમેશભાઈ વઘાસીયાના આમંત્રણને માન આપી સત્યશોધક સભાના જાદવભાઈ વેકરીયા, સુગીત પાઠકજી અને મુકુન્દ ગજ્જરે હાજરી આપી સમારોહમાં હાજર રહેનારા સમક્ષ ચમત્કારોના નીદર્શન કર્યા હતા. આ નીદર્શન દ્વારા એમણે સમજાવ્યું હતું કે ચમત્કારો હાથચાલાકી છે, અને વીજ્ઞાનના કેટલાક સીદ્ધાંતો પર આધારીત છે. એમાં કશું અલૌકીક નથી. એને અલૌકીક માનીને ધુતારાઓની ચાલમાં નહીં ફસાવાની અપીલ કરી હતી. ઉપરાંત એમણે સમજાવ્યું હતું કે મોબાઈલના ઉપયોગને કારણે માહીતી તો આંગળીના ટેરવે આવી ગઈ છે. આથી જરુર છે એના વીવેકભર્યા ઉપભોગની. રેશનલ થવાથી આ વીવેકબુદ્ધી આવે છે. મોટી સંસ્થાઓ પણ વહેમમાં ફસાય જાય છે. એના કાર્યકર્તાઓ સંસ્થા દ્વારા જ વહેમ-અંધશ્રદ્ધાને ફેલાવે છે. કોઈપણ અગડમ્ બગડમ્ વાતને સાચી માની લેવામાં મગજ ઘસવું પડતું નથી, પરંતુ એ સાચું છે કે કેમ તે તપાસવામાં બુદ્ધી લડાવવવી પડે છે. થોડી અક્કલ ઘસીને પણ સાચા-ખોટાને તપાસવાની સૌને વીનંતી કરવામાં આવી હતી. ખાસ તો એ સમજવાની જરુર છે કે વીજ્ઞાન જ આપણને સગવડો અને સાચી સમજ આપે છે. સભાના પ્રતીનીધીઓની આ વાતોથી શ્રોતાઓ પ્રભાવીત થયા હતા.

RNI, Delhi, Regd. No. GUJ GUJ/2009/30348 Posted under Registration License No. SRT-716/2022-2024 (with prepayment of postage)

# રેશનલ ચળવળ

## (૧) બંધારણ શીબીર

લોકનીકેતન, રતનપુર, સોસાયટી ફોર ફાસ્ટ જસ્ટીસ, પાલનપુર, બનાસકાંઠા જીલ્લા અંધશ્રદ્ધા નીર્મુલન સમીતી, પાલનપુર અને યુવા જાગૃતી અભીયાન, પાલનપુરના સંયુકત ઉપક્રમે ‘આવો બંધારણનાં મુલ્યો સમજીએ’ વીષય પર તા. ૨૪-૨૫ સપ્ટે.૨૦૨૨ ના રોજ રતનપુરમાં (પાલન્પુરથી પાંચ કી.મી. દુર) લોકનીકેતનમાં યોજાશે. આ માટે રમણભ્રમણ સુવર્ણચંદ્રકથી આભુષીત અશ્વીન કારીઆ અથવા ૯૯૭૪૪૪૨૦૮૧ નો સંપર્ક કરવો.

## (૨) વીજ્ઞાનજાથા, રાજકોટ

(૧) રમણભ્રમણ સુવર્ણચંદ્રકથી આભુષીત જયંત પંડયાની આગેવાની હેઠળ ચાલતા રાજકોટના વીજ્ઞાન જાથાએ હવે પોતાની વેબસીરીઝ શરુ કરી છે. આ વેબનું ઉદ્‌ઘાટન રાજકોટના ડેપ્યુટી મેયર દર્શીતાબેન શાહે કર્યું હતું.

(૨) આણંદમાં એક મુર્તીની આંખ અને જીભમાંથી ઘીનો પ્રવાહ નીકળવાના ચમત્કારનો વીજ્ઞાન જાથાએ ભાંડાફોડ કર્યો હતો. આ ધતીંગને કરનારા ભુવો અને તેની ચેલીએ અંતે માફી માંગી હતી.

(૩) રાજકોટના સદ્‌ભાવના વૃદ્ધાવસ્થામાં અંધશ્રદ્ધા નીવારણ અને ચમત્કારોથી ચેતવાની બાબતોને કેન્દ્રમાં રાખીને જયંત પંડયાએ ઉદ્‌બોધન કર્યું હતું. જાથાનો આ ૧૦,૦૦૨ મો કાર્યક્રમ હતો.

---

સંગઠનનો મુખ્ય ઉદ્દેશ એક આદર્શ સમાજ રચના કરવાનો છે. પરંતુ હીન્દુ ધર્મની વીભાવના ઉપર દર્શાવેલ ઉદ્દેશ કરતા ભીન્ન છે. હીન્દુ ધર્મમાં વ્યકતીને કોઈ સ્થાન નથી. હીન્દુ ધર્મની સ્થાપના વર્ગના ખ્યાલ પર રચાઈ છે. હીન્દુ ધર્મ એ શીખવતો નથી કે એક વ્યકતીએ બીજી વ્યકતી સાથે કેવી રીતે વર્તન કરવું જોઈએ. એક ધર્મ જે વ્યકતીને માન્યતા આપતો નથી તે મને વ્યકતીગત રીતે સ્વીકાર્ય નથી. તેમ છતાં વ્યકતી માટે સમાજની અત્યંત આવશ્યકતા છે. સામાજીક કલ્યાણ એ કોઈ પણ ધર્મ અંતીમ લક્ષ હોઈ શકતું નથી. મારા માટે વ્યકતીગત કલ્યાણ અને પ્રગતી ધર્મનો સાચો ઉદ્દેશ છે.

**(તા. ૧૪-૧૦-૧૯૫૬ ના રોજ બૌદ્ધ ધર્મ સ્વીકારતી વખતે આંબેડકરે કરેલા પ્રવચનમાંથી)**

---

**માલીક સત્યશોધક સભા વતી મુદ્રક અને પ્રકાશક સુર્યકાન્ત શોભાગચંદ શાહે અગ્રવાલ ટ્રસ્ટ, રંગીલદાસ મહેતાની શેરી, ગોપીપુરા, સુરત-(ગુજરાત), ખાતે ‘સત્યાન્વેષણ’ છાપ્યું અને પ્રસીદ્ધ કર્યું. મુખ્ય સંપાદક : સુર્યકાન્ત શાહ**